જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । રવિવાર । તા. ૨૦-૦૧-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૧૦ । છૂટક નકલ : ૩ રૂા. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂા.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

પ.બંગાળમાં મમતાની આગેવાનીમાં વિપક્ષનું શક્તિપ્રદર્શન, યોજાઈ મહારેલી

મોદી સરકારની સમાપ્તિનો સમય આવી ગયો: મમતા બેનર્જી

ભાજપને પં.બંગાળમાં એક સીટ નહિ મળે, મોદી સરકારે દરેક સંસ્થાઓને બરબાદ કરી દીધી

કોલકાત્તા

ટીએમસી અધ્યક્ષ અને પશ્ચિમ બંગાળની મુખ્યમંત્રી મમતા બેનરજી લોકસભા ચૂંટણી પહેલાં વિપક્ષની એકજૂથતા દર્શાવવા માટે કોલકાતામાં મહારેલી કરવામાં આવી છે. તેમાં કોંગ્રેસ, બસપા, એનસીપી સહિત ૧૩ પાર્ટીઓના નેતા મંચ પર છે. અહીં વિપક્ષના દરેક નેતાએ બીજેપી ઉપર આકરા પ્રહાર કર્યા હતા. જયારે મમતા બેનરજીએ કહ્યું હતું કે, હવે મોદી સરકારનો સમાપ્તિનો સમય આવી ગયો છે.

વિપક્ષની મહારેલીમાં મમતા બેનરજીએ મોદી સરકાર પર આકરા પ્રહાર કરતાં કહ્યું કે, હવે મોદી સરકારનો સમાપ્તિનો સમય આવી ગયો છે. હવે તેમને જણાવવાનું છે કે, તેમનો સમય પૂરો થઈ ગયો છે. યૂનાઈટેડ ઈન્ડિયા રેલીમાં ૨૩થી ૨૬ પાર્ટીના લોકો ભેગા થયા છે. મોદીજીને લાગે છે કે, બસ તેઓ જ ઈમાનદાર છે, બાકી બધા ખરાબ છે. મોદી સરકારે દરેક સંસ્થાઓને બરબાદ કરી દીધી છે. મોદીએ કોઈને ક્યાંયના નથી છોડ્યા. તેમણે લાલુ, અખિલેશ અને માયાવતીને નથી છોડ્યા તો અમે તેમને કેમ છોડીશું. મોદી સરકારે નવી નોકરીઓ આપવાની જગ્યાએ બેરોજગારી વધારી દીધી છે. બીજેપી રેલી કરીને બંગાળમાં રમખાણો ફેલાવા માગે છે, પરંતુ અમે એવું નહીં થવા દઈએ. બીજેપીને બંગાળમાં એક પણ સીટ નહીં મળે. મોદીએ સબીઆઈ અને ઈડી જેવી સંસ્થાઓને બદનામ કરી દીધી છે.

હવે ભાજપના સારા દિવસો ફરીથી ક્યારેય આવવાના નથી. ભલે તેઓ ગમે તેટલી સારી વાતો કેમ ના કરી લે પરંતુ હવે તેમના સારા દિવસો આવવાના નથી.



આથી વધારે શાનદાર, દમદાર રેલી મેં ક્યારેય નથી જોઈ

સત્ય કહેવું બગાવત છે, તો હાં હું બાગી છું: શત્રૃઘ્ન સિન્હા

લોકસભાની ચૂંટણી પહેલાં કોલકત્તામાં વિપક્ષી દળોને જમાવડો થયો છે. મમતા બેનર્જીની આ રેલીમાં ભાજપના ફાયરબ્રાન્ડ નેતા શત્રૃઘ્ન સિન્હા પણ પહોંચ્યા છે. તેમણે આ રેલીમાં કહ્યું કે, જો સત્ય કહેવું બગાવવત છે તો સમજો અમે પણ બાગી છીએ. હું સત્યની સાથે સિદ્ધાંતોની સમજુતી નહી કરી શકું. આ સિવાય યશવંત સિન્હાએ પણ અહીં પહોંચ્યા છે. તેમણે કહ્યું કે, અહીં વ્યક્તિની વાત નહી વિચારધારાની વાત છે. છેલ્લા ઘણાં સમયથી જ કંઈ પણ થાય છે તે આપણે જાણીએ છીએ. આ પહેલી સરકાર છે જેણે આંકડાઓ સાથે છેડછાડ કરી, તે આંકડાઓને વધારીને રજૂ કરે છે.સમાજને તોડવાનો અને સમાજને છીન્ન-ભિન્ન કરવાનો તેમનો ઈરાદો છે. જો સરકારનો તમે વિરોધ કરો તો આપને કહેવામાં આવે છે આપ દેશ દ્રોહ છો.

મોદી સરકારે ચાડા ચાર વર્ષમાં દેશને બરબાદ કર્યો

આ લડાઈ લોકતંત્રને બચાવવા માટેઃ યશવંત સિન્હા

ભાજપના બળવાખોર નેતા યશવં સિન્હાએ કહ્યું કે પ્રશ્ન એક વ્યક્તિને હટાવાનો નથી. મોદી સરકાર દરેક લોકતાંત્રિક વ્યવસ્થાને ખત્મ કરવામાં લાગી છે. મોદીને મુદ્દો ના બનાવો, મુદ્દાઓને મુદ્દો બનાવો. તેમણે કહ્યું કે આ લડાઈ લોકતંત્ર બચાવાની છે. કાશ્મીરની સમસ્યાનું સમાધાન ગોળીથી નહીં બોલીથી થશે. મને પાકિસ્તાનનો એજન્ટ પણ કહેવાયો. પરંતુ શું પ્રેમની વાત કરવી દેશદ્રોહ છે. મારો એક ઉદ્દેશ છે, એક લડાઈ બાકી છે તે સરકારને સત્તામાંથી બહાર કરવાની છે. તેના માટે ચોક્કસ મંચ પર ઉપસ્થિત નેતા નક્કી કરે કે ભાજપ ઉમેદવારની વિરૂદ્ધ દરેક સીટ પર માત્ર એક ઉમેદવાર ઉભો હશે. આવનારા દિવસોમાં અમે એકજૂથ થઈ લોકસભા ચૂંટણી લડીશું.

કાશ્મીર માટે ભાજપ જવાબદારઃ ફારૂક અબ્દુલ્લા

અબ્દુલ્લાએ કહ્યું કે દેશમાં લોકોને વહેંચવાનું કામ થઈ રહ્યું છે. હિન્દુ-મુસલમાનોને વહેંચવાનું કામ થઈ રહ્યું છે. આખા દેશમાં આગ લાગી ગઈ છે. તેને રોકવા માટે તેમણે કુર્બાની આપવી પડશે. આ કુર્બાની માટે લોકોની પહેલાં નેતાઓને આગળ આવવું પડશે. આજે જમ્મુ-કાશ્મીર જે સ્થિતિમાં છે તેની માટે પણ ભાજપ જવાબદાર છે. હું મુસલમાન ચોક્કસ છું પરંતુ પહેલાં ભારતીય છું. જેને તમે ઈવીએમ કહો છો તે ચોર મશીન છે, તેને ખત્મ કરવા જોઈએ. તેનાથી ચૂંટણીમાં ચોરી કરાય છે. તેના માટે આપણે તમામ નેતાઓને એક થઈ ચૂંટણી પંચ જવું જોઈએ. દેશની ખુશાલી માટે આ સરકારને હટાવી પડશે. આ સરકાર મહિલા અનામત બિલ પર મૌન રહે છે અને ટ્રિપલ તલાક પર અવાજ ઉંચો કરી દે છે. આપણે સરકારની ઈચ્છાને સમજવી પડશે.

સુભાષબાબુ ગોરાઓ સામે લડ્યા અમે ચોરો સામે લડીશુંઃ હાર્દિક પટેલ

વિપક્ષની આ મહારેલીને સંબોધિત કરતા હાર્દિક પટેલે કહ્યું કે આ રેલી ભાજપના અંતની શરૂઆત છે. તેમણે કહ્યું કે સુભાષબાબુ ગોરાઓ સામે લડ્યાં હતાં અને અમે ચોરો સામે લડીશું. તેમનું આ નિવેદન મોદી-શાહની જોડી ઉપર નિશાન બનાવીને કહેવામાં આવ્યું હોવાનું જાણકારોનું કહેવું છે.

મોબાઈલના વપરાશથી સાવધાન

આપના મોબાઈલ ફોનમાંથી નીકળતા રેડીયેશનથી મગજ, કાન, આંખ, ગળા, હૃદય ને થતાં નુકસાનથી બચવાની એન્ટી રેડીએશન ચિપ આપના મોબાઈલ પર લગાડી આપ રોગ મુકત રહો તેમજ તેના બિઝનેસમાં એજન્ટ બની ઓછા રોકાણથી મહેનત મુજબ માસિક ૫૦૦૦ કે તેથિ વધુ કમાવા ફોન કરો. (ડોકટર પાસેનું સેલ્સ-માર્કેટિંગ કરતા મિત્રો, મોબાઈલ રીપેરીંગ કરનાર, બ્રિ-પેડ સિમકાર્ડ વેચનાર કે નાના દુકાનદારો મોબાઈલ એન્ટી રેડિએશન ચિપ વેચી વધુ કમાવા અચૂક ફોન કરે)

MARKET4U
BHARUCH - SURAT
market4u.in
7575006850
ZAVERI

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટ

(રજી.ગુજ/૧૩૧૪/ભરૂચ/૨૦૧૧)માં જોડાઈ ઓળખપત્ર મેળવી સમાજસેવા કરવા આધાર પુરાવા સાથે જોડાવા રૂબરૂ મળો અથવા ફોન કરો

75750 06850

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટના સભ્યોએ જનસેવા અને જન સુખાકારી માટેના કાર્યો કરવાના રહેશે.

(૧) લોકજાગૃત્તિના કાર્યો જેમ કે ગરીબ કે મધ્યમ વર્ગને મળતું સહ્ત દરના અનાજની યોગ્ય વહેંચણી. બીપીએલ/એપીએલ કાર્ડની યોગ્ય ફાળવણી અને જરૂર જણાય સરકારમાં રજુઆતો કરવી.
(૨) રસ્તા અને શહેરની સફાઈનું અમલીકરણ, કચરાનો યોગ્ય સમયે યોગ્ય સ્થળે નિકાલ.
(૩) બાગ-બગીચાની સારસંભાળ.
(૪) શાળાઓ દ્વારા રાષ્ટ્ર દુ એજ્યુકેશનના અમલીકરણ, શાળામાં રમત-ગમતનું મેદાન હોવું જરૂરી. છોકરા-છોકરીની અલગ મૂતરડી હોવી ફરજીયાત. ફાયર-ફાઈટીંગના સાધનો ફરજીયાત હોવા જરૂરી. ડોનેશન પ્રથા નાબુદી. ગણવેશ, થોપડા ખરીદી પર થતા વેપારને સેકવો. વિધ્યો પ્રમાણે ક્વોલિફાઈડ શિક્ષકો હોવા. વિગેરે બાબતોનું ધ્યાન રાખી રચનાયી શિક્ષણ વ્યવસ્થા સુધારવી.
(૫) જનારોગ્ય વિશે જાગૃતિ દ્વારા સરકારી યોજનાઓની નાગરિકોને જામ કરવી. આવી સરકારી યોજનાઓનો લાભ ગરીબ મધ્યમ વર્ગને આપવામાં મદદરૂપ થવું જરૂર જણાય સરકારમાં રજુઆત કરવી. ઈન્દિરા આવાસ, સરદાર આવાસ જેવી યોજનાઓમાં યોગ્ય ફાળવણી કરાવવી.
(૬) રક્તદાન, આંખોનું દાન, અંગદાન વિશે જાગૃતિ લાવી પ્રેરણા પુરી પાડવી.
(૭) સમાજમાં ભાઈચારા અને વિશ્વબંધુત્વની લાગણીનો વિકાસ કરવો. સમાજ અને દેશ પ્રતિ નિષ્ઠા કેળવવી.
(૮) વાતાવરણ પ્રદૂષણની જાણવણી અને પર્યાવરણની જાણવણી કરવી-કરાવવી.
(૯) ચૂંટણી સમયે યોગ્ય પ્રતિનિધિની પસંદગી કરવી. યોગ્ય સરકારની રચનામાં મદદરૂપ બનવું.
(૧૦) નાગરિક ઘડતરના કામમાં તત્પર રહેવું. નાગરિકની આવક વધે તેવા સેવા કાર્યો કરવા. વિધવા સહાય જેવા સરકારી યોજનાઓનું યોગ્ય અમલીકરણ કરાવવું. આપત્તિ સમયે એક જુથ થઇ સમાજ અને દેશને મદદરૂપ થવું વિગેરે કાર્યો કરવા તેમજ કરાવવા.

: જોડાવવા માટેની જરૂરી વિગતો :
નામ, સરનામું, પિનકોડ, જન્મ તારીખ, સ્ત્રી-પુરૂષ, બેંકનું નામ, બેંક ખાતા નંબર, આઇ.એફ.એસ. કોડ, પાન કાર્ડ નંબર, મોબાઇલ નંબર, વારસદારનું નામ, વારસદાર સાથેનો સબંધ.

MARKET 4U™

સર્વિસ પ્રોવાઇડર નીમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ મૂડી રોકાણ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા સર્વિસ પ્રોવાઈડર તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નીમવાના છે. ઈચ્છા ધરાવતા વ્યક્તિઓ સંપર્ક કરે. (નફાનું ધોરણ રોકાણ અને વેચાણ મુજબ ૧૦% થી ૧૮% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)

7575006847 Whats-App
7575006848 Time
7575006850 10 am to 5 pm

CONNECTINDIANS MARKET4U

ખુશખબર... ખુશખબર... ખુશખબર...

CONNECTINDIANS એટલે કે ભારતીયોને જોડવા

MARKET4U દ્વારા પ્રસ્તુત CONNECTINDIANS ની લગ્ન, નોકરી અને જાહેરાતની વેબસાઈટ વાપરો

અને મહેનત મુજબ પાર્ટ ટાઇમ- ફુલ ટાઇમ કામ કરી અન્યોને CONNECTINDIANS સાથે જોડી કમાવાની અમૂલ્ય તક આપો

CONNECTINDIANSમાં જોડાવું સરળ છે.

Http://www.connectindians.in આ MARKET4U ની વેબસાઈટ છે જ્યાં

૧. આપ નોકરી શોધી શકો છો.
૨. લગ્ન ઈચ્છુક જીવનસાથી શોધી શકો છો.
૩. આપ આપની જાહેરાત કરી શકો છો.
૪. અન્યને આપની સાથે જોડી આપની

માત્ર ૫૫૦/-માં PLAN - A

LEVEL	INCOME
1st	80/-
2nd	60/-
3rd	50/-
4th	40/-
5th	30/-



માત્ર ૩૦૦૦/-માં PLAN - B

LEVEL	INCOME
1st	600/-
2nd	400/-
3rd	300/-
4th	200/-
5th	100/-
6th	50/-

સમગ્ર ગુજરાતમાં ખુબ જ ઓછા મૂડી રોકાણે વહેલા તે પહેલાનાં ધોરણે માત્ર ૧૦૦ જ એજન્ટ નીમવાના હોય

તાત્કાલિક સંપર્ક કરો	ધનંજય ઝવેરી	શરદ જાદવ	રવિ પટેલ	અશેષ મોદી
	7575006847-48	7575006849	7574888860	7016046096

13, Pritam Nagar Society No.1, Kasak, Bharuch. Mo. +91 75750 06850

connectindians1@gmail.com

૨૭ જાન્યુઆરીએ સાળંગપુર હનુમાનજી મંદીરે તૃતીય સર્વજ્ઞાતિના સમૂહ લગ્ન યોજાશે ૧૦૮ યુગલો પ્રભુતામાં પગલા માંડશે

આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજ અને મુખ્યમંત્રી રૂપાણી સહીત અનેક રાજકીય આગેવાનો, સંતો, મહંતો હાજરી આપશે



સમગ્ર વિશ્વ માં પ્રસિધ્ધ બોટાદ જીલ્લાના સાળંગપુર ખાતે કષ્ટભંજનદેવ હનુમાનજીદાદાના મંદીરે ૨૭ જાન્યુઆરીએ બપોરના ૩:૩૦ કલાકે તૃતીય સર્વજ્ઞાતિય સમૂહ લગ્નોત્સવ યોજાશે જેમાં ૧૦૮ નવદંપતીઓ પ્રભુતામાં પગલા પાડશે આ સમૂહ લગ્ન માં સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો,પરમ પુજ્ય ધર્મ ધુરંધર ૧૦૦૮ આચાર્યશ્રી રાકેશ પ્રકાસદાસજી મહારાજ, ગુરૂવર્ય વિષ્ણુપ્રકાસદાસજી સ્વામી(અથાણાવાળા) અને હરિપ્રકાશદાસ સ્વામી (અથાણાવાળા) દ્વારા આ સમૂહ લગ્ન નુ આયોજન કરવામાં આવ્યુ છે જેમાં ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, સૌરભભાઈ પટેલ-ઉર્જામંત્રી, કુંવરજીભાઈ બાવળીયા- પાણીપુરવઠા મંત્રી, રમણલાલવોરા- પુર્વ અધ્યક્ષ વિધાનસભા, રાજેશભાઈ ગોહિલ-ધારાસભ્ય ધંધુકા, લાખાભાઈ સાગઠીયા-ધારાસભ્ય રાજકોટ, બાબુભાઈ જેબલીયા-પ્રમુખ કીશાન મોરચો ગુજરાત, સુરેશભાઈ ગોધાણી-પ્રમુખ બોટાદ જીલ્લા ભાજય, ચેતનભાઈ રામાણી-ભાજપ અગ્રણી રાજકોટ, રણછોડભાઈ ભરવાડ-મહામંત્રી ગુજરાત (એ.એ ચ.પી.), પ્રવિણસિંહ મોરી, રાજકીય આગેવાનો, સામાજિક આગેવાનો સહીત અનેક સંતો મહંતો ની ઉપસ્થિતી માં અને કષ્ટભંજનદેવ હનુમાનજીની નિશ્રામાં અને ગોપાળાનંદ સ્વામીની સંકલ્પસિધ્ધ પવિત્ર તીર્થભુમિ સાળંગપુર ખાતે આ સમૂહ લગ્ન યોજાશે

આ સમૂહ લગ્નની તૈયારી અંગે સાળંગપુર કષ્ટભંજનદેવ હનુમાનજી મંદીરના કોઠારી વિવેકસાગરદાસજી સ્વામી સાથે વાત કરતા તેમણે જણાવ્યુ હતુ કે આગામી ૨૭ જાન્યુઆરી ના રોજ સાળંગપુર ખાતે તૃતીય સર્વજ્ઞાતિના ૧૦૮ દિકરીના સમૂહ લગ્ન યોજાવાના છે તેની તમામ તૈયારી પુર્ણ કરી દેવામાં આવી છે આ પવિત્ર તીર્થભુમિ સાળંગપુર ખાતે તૃતીય સમૂહ લગ્નોત્સવ યોજાવાનો છે જેમા દાતાઓ દ્વારા કન્યાઓને કન્યાદાન અને કરીયાવરમાં મંગળસુત્રા, ડબલ બેડ, પાનેતર, કબાટ, સાડીઓ, ગાદલા, રજાઈ, ઓશીકા, બ્લેન્કેટ, મિક્ષ્ચર, સીલિંગ ફેન, સ્ટવ, ભગવાનની મુર્તિ, ખુરશી, સોનાની નથડી, થાળી, વાટકી, ગ્લાસ, ડ્રેસ, ટીપાઈ, ડ્રાઈફ્રુટ કટર, કુકર, વાસણનો ઘોડો, બેડુ, જગ, પવાલુ, દિવાલ ઘડીયાળ, ગોળી, તપેલી, ટીફીન, બેડશીટનો ચાદર સેટ, ડોલ, સ્ટીલના ડબ્બા, બરણી, છબડા, મસાલીયુ, મોળીયુ, રમણદિવો, વચનામૃત, શિક્ષાપત્રી, ગીતાજી, કથરોટ, આરતી, વોટરજગ, ડીશો, ચાંદીની ગાય, કીચન સેટ સહીત અનેક વસ્તુઓ ૧૦૮ કન્યાઓને કરીયાવર માં આપવામાં આવશે સમગ્ર ગુજરાતના અનેક સંતો મહંતો પધારવાના છે સાથે આ સમૂહ લગ્નમાં દેશ-વિદેશથી હજારો ની સંખ્યામાં લોકો હાજર રહેવાના છે અને સમગ્ર સમૂહ લગ્નનુ લાઈવ પ્રસારણ ૨૭ જાન્યુઆરી બપોરના ૩:૩૦ કલાકથી સદવિદ્યા ચેનલ ઉપર કરવામાં આવશે.

ગીર સોમનાથ જિલ્લામાં જિલ્લાકક્ષાના સિનીયર સિટિજન રમતોત્સવનું આયોજન

ગીર સોમનાથઃ કમિશનર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ ગાંધીનગરના ઉપક્રમે અને જિલ્લા રમતગમત અધિકારીશ્રીની કચેરી ગીર સોમનાથ દ્વારા ૬૦ વર્ષથી ઉપરના સિનીયર સિટિજનો માટે જિલ્લાકક્ષાના સિનીયર સિટિજન સ્પર્ધા ૨૦૧૮-૧૯નું આયોજન કરાયું છે.

સિનીયર સિટિજનોએ એથ્લેટિક્સ, વોલીબોલ, યોગાસન, ચેસ, કેરમ, રસ્સાખેંચ અને ક્રિકેટ સહિત વિવિધ સ્પર્ધામાં ભાગ લેવા માટે ઈણાજ જિલ્લા સેવા સદન રૂમ નં.૩૧૩/૩૧૪, જિલ્લા રમતગમત કચેરી ખાતેથી એન્ટ્રી ફોર્મ મેળવી તા.૨૫-૦૧-૨૦૧૯ સુધીમાં મોકલી આપવાનું રહેશે. ત્યારબાદ કોઈપણ એન્ટ્રી ફોર્મ સ્વીકારવામાં આવશે નહિ. જે સ્પર્ધકોનુ એન્ટ્રી ફોર્મ મળેલ હશે તેને જ જિલ્લાકક્ષાની સ્પર્ધાની તારીખની જાણ કરવામાં આવશે. તેમ જિલ્લા રમતગમત અધિકારી ગીર સોમનાથની યાદીમાં જણાવાયું છે.

ઈણાજ જિલ્લા સેવા સદન ખાતે ફરિયાદ અને સંકલન સમિતિની બેઠક યોજાઈ

ગીર સોમનાથઃ ઈણાજ જિલ્લા સેવા સદન ખાતે આજે ફરિયાદ અને સંકલન સમિતિની બેઠક યોજાઈ હતી. ઈન્ચાર્જ કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારી ધમેન્દ્રસિંહ રહેવરની ઉપસ્થિતિમાં યોજાયેલ બેઠકમાં લોકોના પ્રશ્નોનો તુરંત નિકાલ કરવા જિલ્લાના અધિકારીઓને સુચનાઓ આપવામાં આવી હતી.

આ બેઠકમાં ધારાસભ્ય પુંજાભાઈ વંશ અને મોહનભાઈ વાળાએ તેમના વિસ્તારના પ્રશ્નો અંગે રજુઆતો કરી હતી. આ સંદર્ભે જે તે વિભાગમાં અધિકારીઓને તેમના કાર્યક્ષેત્રમા આવતા કામો અને પ્રશ્નો પુર્ણ કરવા જણાવ્યું હતું.

આ બેઠકમાં નાયબ જિલ્લા વિકાસ અધિકારી ઈલાબેન ગોહિલ, જિલ્લા પુરવઠા અધિકારી શિતલબેન પટેલ તેમજ જિલ્લા અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકનું સંચાલન અધિક કલેકટર એચ.આર.મોદીએ કર્યું હતું.

ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના રાજપરા ગામે ડીગ્રી વગરના બોગસ ડોકટર ઝડપાયા



ભાવનગરઃ શનિવાર; તા. ૧૭ જાન્યુ. ના રોજ ગુરૂવારે જિલ્લા આરોગ્યતંત્ર ભાવનગરને મળેલ ખાનગી ફરીયાદના આધારે ઈન્ચાર્જ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. જે. એ. માઢકના માર્ગદર્શન તળે જિલ્લા પંચાયત આરોગ્ય શાખા અને ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના સહ્યોગથી જિલ્લા એપેડેમીક મેડીકલ ઓફીસર ડો. પી. એ. પઠાણ તથા ભુંભલી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસર ડો. દિગ્વિજયસિંહ ગોહિલ તથા તેમની ટીમ એ તળાજા તાલુકાના રાજપરા ગામે ડીગ્રી વગરના તબીબ ડો. જગદીશ મોહનભાઈ વાસાણીના દેવદ્રષ્ટિ નેચરોપેથી હોસ્પિટલ ખાતે આકસ્મિક તપાસ કરતાં આ ડોકટર પાસે ડીગ્રી ન હોવા છતાંપણ એલોપેથી દવાઓનો બેરોકટોક ઉપયોગ કરતા માલુમ પડેલ ડીગ્રી ન હોવા છતાં દર્દીઓને ઈન્ડોર કરવા તથા બાટલા ચઢાવવા અને પ્રતિબંધિત દવાઓના ઈન્જેકશન આપતા હતા તેઓના ક્લીનીક ખાતેથી મોટા પ્રમાણમાં દવાઓ જપ્ત કરવામા આવી હતી તેઓએ બાયોમેડીકલ વેસ્ટના સલામત નિકાલ માટે પણ કોઈ વ્યવસ્થા કરી ન હતી આમ ધી ગુજરાત મેડીકલ પ્રેકટીસ એકટ-૧૯૬૩ ની કલમ-૩૦ અને ૩૫ મુજબ અલંગ પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર નોંધાવવામાં આવેલ છે

આ કામગીરીને સફળ બનાવવામાં ભાવનગર તાલુકા હેલ્થ ઓફીસર ડો. સુનીલ પટેલ, સણોસરાના જુનીયર ફાર્માસીસ્ટ ટી. એન. રાઠોડ, ભાવનગરના ટીએમપીએચએસ અજયભાઈ પટેલ, જિલ્લા પંચાયત ભાવનગરના મપહેવ પ્રતિક ઓઝા એ મદદ કરી હતી તેમ ઈન્ચાર્જ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. જે. એ. માઢક એ જણાવ્યુ છે.

કચ્છના પશુધન માટે વધુ ઘાસ ફાળવવા પૂર્વ રાજયમંત્રી તારાચંદભાઈ છેડાની રજૂઆત

ભુજ :

આજે અહી મળેલી જિલ્લા અછત સમિતિની બેઠકમાં પૂર્વ રાજયમંત્રી અને અછત સમિતિના પ્રતિનિધિ એવા તારાચંદભાઈ છેડાએ કચ્છના પશુધન માટે રાજય સરકાર પાસે ઘાસની વધુ ફાળવણી કરાય તેવી રજૂઆત કરવા બેઠકમાં ઠરાવ કરવા સહિતની બાબતે વહીવટીતંત્ર પાસેથી રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી દ્વારા કચ્છને અછતગ્રસ્ત જાહેર કર્યા તારીખથી ઘાસચારાની શું પરિસ્થિતિ છે તે અંગેની સમગ્ર વિગતો જાણવા માંગી હતી.

જિલ્લા કલેકટર રેમ્યા મોહનના અધ્યક્ષપદે કલેકટર કચેરીના કોન્ફરન્સ હોલમાં અછત સમિતિની બેઠકમાં રાજય સરકાર દ્વારા નિયત કરાયેલ પશુદીઠ ઘાસચારાની પૂર્તિ માટે પૂરતા પ્રયાસો હાથ ધરવા પર ભાર મુકી તેમણે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી દ્વારા કચ્છની અછતની પરિસ્થિતિમાં ગંભીરતાથી પગલાં ભરી જાતે સમીક્ષા કરાઈ રહી છે, ત્યારે પશુપાલકોને પૂરતાં પ્રમાણમાં ઘાસ ઉપલબ્ધ થાય તે બાબતે ખાસ ભાર મૂક્યો હતો. છેડાએ સરકાર પાસે વધારે કચ્છના પશુધન માટે ઘાસની ફાળવણી માટે માંગ કરીશું તેમ કહી અગાઉ કચ્છમાં અછત દરમિયાન ઢોરવાડાની સંખ્યા વધુ હોવાનું પણ ઉમેર્યું હતું. નરા ડેમમાં સ્વામિનારાયણ ગુરૂકુળ સહિત સંસ્થાકીય ધોરણે ઘાસચારા વાવેતરમાં જુવાર બિયારણની કીટની માંગ હોવાનું જણાવી તેમણે ૧૦ ટન બિયારણની માંગ સામે જરૂરી વધુ બિયારણ સર્વ સેવા સંઘ સંસ્થા દ્વારા પૂરૂ પાડવા તૈયારીની તૈયારી દર્શાવી હતી.

ખાસ કરીને અછતના કામોમાં ડેમમાં ભરાયેલી માટી કાઢવાના કામનો સમાવેશ કરી ખેડૂતો માટે માટી ઉપયોગમાં લેવાય તેવું સૂચન છેડાએ કર્યું હતું. કચ્છના ખેડૂતોને મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી દ્વારા ૨૪૭ કરોડની વચગાળાની રાહત આપવાના પગલાંને તેમણે વધાવી લેતાં પશુઓ માટે ઘાસચારા વાવેતર માટે વીજ જોડાણ આપવા બાબતે પણ તેમણે નામ સહિતની વિગતો આપી અરજીઓ પડતર રહી હોવાનું જણાવ્યું હતું અને ઘાસચારો વાવવા માંગતા વધુ ખેડૂતોને વીજ કનેકશનના સરકારના પગલાંની વધુમાં વધુ જાણકારી પ્રાપ્ત થાય તે હેતુ તેમની સંસ્થા પણ જાહેરાત આપવા તૈયાર હોવાનું ઉમેર્યું હતું. જિલ્લા કલેકટર રેમ્યા મોહન દ્વારા કચ્છમાં ઢોરવાડા ખોલવા માટે તંત્ર દ્વારા પણ એટલી જ ઝડપથી કામગીરી કરવા પ્રાંત કક્ષાએ સીધું માર્ગદર્શન આપી ૧૪ દિવસમાં કેટલ કેમ્પની મહત્તમ અરજીઓ નિકાલ કરાતી હોવાનું જણાવ્યું હતું. આ ઉપરાંત કચ્છમાં શરૂ કરાયેલા ૨૨૫ ઘાસડેપો ઉપર રોટેશનથી ઢોરદીઠ નિયમાનુસાર ઘાસની ફાળવણીની વિગતો આપતાં અધિક કલેકટર કે.એસ.ઝાલાએ જણાવ્યું હતું કે, કચ્છ જિલ્લાની અછતની પરિસ્થિતિ અંતર્ગત અછત રાહત કામગીરીમાં રાજય સરકાર દ્વારા તા.૧૦/૧૨/૧૮થી ઢોરવાડો શરૂ કરવા માટે ઠરાવ થઈ આવતા આજ દિન સુધી કચ્છ જિલ્લામાં કુલ ૧૫૬ ઢોરાવાડાને મંજુરી અપાઈ છે, જેમાં કુલ ૯૮,૩૯૧ પશુઓનો સમાવેશ કરવામાં આવેલછે. આ કાર્યવાહી યુધ્ધના ધોરણે નિયત સમયમર્યાદામાં નિકાલ કરવામાં આવી રહેલ છે. તેમજ તા.૩૧/૧૨/૧૮ સુધી મંજુરી થયેલ તમામ ઢોરવાડાઓના સબસીડી ચુકવણાની કાર્યવાહી ચાલુ કરી દીધેલ છે. જે સંસ્થાઓ તરફથી બિલ રજુ થઈ ગયેલ છે તેઓના સબસીડીના ચુકવણા કરી દીધેલ છે. ઉપરાંત જિલ્લાની કુલ ૧૧૯ ગૌશાળા પાંજરાપોળોના કુલ ૧,૦૪,૨૧૫ પશુઓ માટે રૂ.૨૩.૦૯ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવેલછે. તે પૈકી તા.૩૧/૧૨/૧૮ સુધી રૂ.૨૦.૧૦ કરોડ રૂપિયા સબસીડી ચૂકવવામાં આવી છે. રાજય સરકાર દ્વારા કચ્છને ફાળવેલ કુલ ૫.૪૨ કરોડ કિ.ગ્રા. પૈકી કુલ ૪.૫૭ કરોડ કિ.ગ્રા.ઘાસનું પરિવહન થયેલ છે અને વિતરણ કરવામાં આવી રહેલ છે. આ સિવાય હાલે રાજયના બીજા જિલ્લાઓમાં પણ અછત જાહેર કરેલ હોઈ વલસાડ જિલ્લામાંથી રેક મારફતે આવતું ઘાસ દહાણું ઉપરાંત પાલઘર (મહારાષ્ટ્ર) માંથી પણ સંમાતરે રેક મારફતે ટુંક સમયમાં મોકલવામાં આવશે. જેથી કચ્છ જિલ્લાને નિયમિત રૂપે ઘાસની રેક મળી શકશે. લખપત તાલુકાના નરા ગામે ડેમના તળિયાની ખુલ્લી જમીનમાં શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ મથલ દ્વારા ૫૦એકરમાં મકાઈનું વાવેતર તથા ૧૫૦ એકરમાં લીલા ઘાસચારાનું વાવેતર કરવામાં લીલા ઘાસચારાનું વાવેતર તથા માં ચેરિટેબલ ટ્રસ્ટ નરા દ્વારા ૨૦૦એકરમાં લીલા ઘાસચારાનું વાવેતર કરવાની પ્રક્રિયા ચાલુમાં છે.

જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ખાનગી ખેડૂતોને પ્રોત્સાહન પુરું પાડતાં નખત્રાણા તાલુકામાં વિરાણી, કોટડા, મથલ, નખત્રાણા, ધાવડા, દેવપર, વિથોણ, મોરઝર વગેરે જેવા ૮૦ થી ૯૦ ગામોમાં લીલા ઘાસચારાનું વાવેતર થયેલ છે. નખત્રાણા તાલુકામાં છેલ્લા ત્રણ વર્ષમાં સામાન્ય રીતે લીલા ઘાસચારાનું વાવેતર ૯૦૦ હેકટરમાં થયેલ જે વહીવટી તંત્રના ખેડૂતોને પ્રોત્સાહનના કારણે આ વર્ષે લીલા ઘાસચારાનું ખાનગી ખેડૂતો દ્વારાન વાવેતર ૩ ગણું થઈ ૨૬૯૧ હેકટરમાં કરેલ છે. જે ઘાસચારાનું વેચાણ તથા નવા ઘાસચારાનું વાવેતર હાલે ચાલુમાં છે. પશ્ચિમ કચ્છને નર્મદાનું વધુ ૫૦ એમ.એલ.ડી. પાણી મળે તે માટે રૂ.૧૩૪ કરોડની અંજાર- કુકમા પાઈપલાઈનનું કામ પ્રગતિમાં છે. જેનો લાભ ૬૩૭ ગામ તથા ૨ શહેરોને મળશે. જે કામગીરી ૨૦મી માર્ચ-૨૦૧૯ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે.

અબડાસાના ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાએ બેઠકમાં સીમેન્ટના બંધારા સામે માટીના બંધારા બાંધવાની રજૂઆત સાથે અછતના સમયમાં કચ્છમાં ચાલી રહેલ બોરના કામોમાં ઝડપ લાવવા જણાવતાં તંત્ર દ્વારા ૩૬માંથી ૧૫ બોરના કામો પૂરાં થયા હોવાનું પણ જણાવાયું હતું. તેમજ અંજારથી કુકમા સુધીની પાઈપલાઈનનું કામ પણ યુધ્ધના ધોરણે ચાલુ હોવાનું જણાવાયું હતું. ટપ્પર ડેમ ઉપરાંત સુવઈ અને ફતેહગઢ ડેમ નર્મદાના નીરથી ભરવાની કામગીરી ચાલુમાં હોવાનું અને આગામી જૂલાઈ સુધી ચાલશેતેમ જણાવાયું હતું. જિલ્લા પંચાયતના પૂર્વાધ્યક્ષ જીવાભાઈ આહિર દ્વારા અછત બેઠકમાં રાજય સરકાર દ્વારા ઘાસચારો વાવવા કેટલી અરજીઓ આવી અને શું કાર્યવાહી કરાઈ તેની વિગતો જાણવા માંગી,અંજાર પ્રાંત કચેરી દ્વારા કેટલ કેમ્પની મંજૂરીની વિગતો સાથે કાર્યવાહી ઝડપી બનાવવા, ઘાસડેપોમાં ઘાસનો જથ્થો પૂરતાં પ્રમાણમાં ફાળવવા તેમજ ગૌશાળા-પાંજરાપોળોને સબસીડીનાં બિલો ચૂકવણાંમાં ગતિ લાવવા ઉપરાંત સરકાર દ્વારા ઈનપુટ સહાયની મુદત ૧૫મી જાન્યુઆરીથી ૩૧મી જાન્યુઆરી સુધી લંબાવવા બદલ આભાર વ્યકત કર્યો હતો.

ભરતભાઈ સોંદરવાની વિવિધ રજૂઆતો સંદર્ભે તંત્ર દ્વારા લેવાયેલાં પગલાંની જાણકારી આપવામાં આવી હતી. બેઠકમાં નવીનભાઈ મોરબીયા સહિતના સભ્યો હાજર રહયા હતા.

હળવદ સરકારી હોસ્પિટલ પાસે ચાઈનીઝની લારીમાં ગોગેસ ના બાટલા માં અચાનક આગ લાગતાં અફડાતફડી



હળવદમાં ગૌ ગેસ બાટલા માં અચાનક આગ લાગતાં અફડાતફડી મચી જવા પામી હતી, હળવદ માં સાંજે સાત વાગ્યાની આજુબાજુ સરકારી હોસ્પિટલ પાસે ચાઈનીઝની લારી માં ગૌ ગેસના બાટલો અચાનક લિંક થતા આગ લાગતા અફડાતફડી મચી જવા પામી હતી નુકસાની થઈ હતી પરતુ મોટી જાનહાની ટળી હતી, પર અચાનક ગેસ સિલિન્ડરમાં આગ લાગતા થોડીવાર માટે અફડાતફડી મચી ગઈ હતી જેમાં કોઈ જાનહાની થઈ નથી અને લોકોના ટોળા એ તાત્કાલિક આગ ઓલવી મોટી જાનહાની ટાળી હતી.

વડાપ્રધાને સેલવાસમાં ૧૪૦૦ કરોડથી વધુ વિકાસલક્ષી કામોનું લોકાર્પણ-શિલાન્યાસ કર્યો

મહાગઠબંધન મોદી વિરુધ્ધ નહીં દેશના લોકો વિરુધ્ધ: નરેન્દ્ર મોદી

લોકશાહીનું ગળુ દબાવનારાઓ હવે લોકશાહી બચાવવા નીકળ્યા

સેલવાસ

સેલવાસના સાયલી ખાતે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે ૧૪૦૦ કરોડથી વધારેનાં પ્રજાલક્ષી કામોનું જેમકે મેડિકલ કોલેજ, કચીગામ ઝરી બ્રીજ સહિતના અનેક પ્રકલ્પોનું ઈ-લોકાર્પણ અને શિલાન્યાસ કરવામાં આવ્યુ હતુ. બાદમાં વડાપ્રધાન જંગી જનસભાને સંબોધિત કરી હતી.

આ દરમિયાન પીએમ મોદીએ સભા સંબોધતા જણાવ્યુ કે, સેલવાસમાં હું પહેલા પણ આવ્યો છું. આજે સેલવાસમાં ૧૪૦૦ કરોડથી વધુના વિકાસ કાર્યોનું લોકાર્પણ કર્યુ છે. ભાજપ સરકાર 'સૌનો સાથ, સૌનો વિકાસ'ના રસ્તે ચાલી રહી છે.

આ સાથે વડાપ્રધાન મોદીએ કોલકત્તામાં ચાલી રહેલા મહાગઠબંધન પર પણ શાબ્દિક પ્રહારો કર્યા હતા. PM મોદીએ પોતાના સંબોધનમાં



અમારા એક નેતાએ ૨૫ પાર્ટીની ઊંઘ હરામ કરી દીધી, આ છે અમારી તાકાત, બાળકોને પઢાઈ, યુવાનોને કમાઈ, વૃદ્ધોને દવાઈ, ખેડૂતોને સિંચાઈ અને જનજનની સુનવાઈ, અમારા માટે વિકાસનો રાજમાર્ગ છે

અમારી નિયત એકદમ સ્પષ્ટ, ભ્રષ્ટાચાર વિરૂદ્ધ કાર્યવાહી થાય

મહાગઠબંધનને આડે હાથ લેતા જણાવ્યું હતું કે, પશ્ચિમ બંગાળમાં અમારો માત્ર એક ધારાસભ્ય છે અને તેમ છતાં ત્યાં આખા દેશના વિપક્ષી નેતાઓ એકઠા થયા છે અને બચાવો બચાવોના નારા લગાવી રહ્યા છે. વધુમાં તેમણે કહ્યું કે,આ ગઠબંધનને દેશ વિરોધી ગણાવ્યું છે. અને કહ્યું કે જે પાર્ટીઓ કોંગ્રેસને અત્યાર સુધી કોસતી આવી છે. તે જ પાર્ટીઓ આજે એક સાથે આવી છે.

તેમણે કોંગ્રેસ અને ગઠબંધન પર પ્રહારો કરતાં કહ્યું કે, 'લોકશાહીનું ગળું દબાવનારા લોકશાહીને બચાવવા નીકળ્યાં છે. અમારે પ્રજાનો વિકાસ કરવાનો છે પરિવારનો નહીં. આ લડાઈ વિકાસ અને ભ્રષ્ટાચાર વચ્ચેની છે. જનતા અચ્છા અચ્છાનો મિજાજ બદલી નાખે છે. સત્તાથી દૂર થયેલા લોકો વ્યાકુળ બન્યા છે. જુની સરકારની આદતોને અમે બદલી છે. ૧૨૫ કરોડ દેશવાસીઓ મારો પરિવાર છે.' ભાજપ સરકાર 'સૌનો સાથ, સૌનો વિકાસ'ના રસ્તે ચાલી રહી છે. સરકાર દ્વારા ઉદ્યોગો માટે નવી ઈન્ડસ્ટ્રીઝ પોલિસી લોન્ચ કરવામાં આવી છે. દાદરા નગરહવેલી હવે દેશભરમાં જાણીતું થયું છે. ખુલ્લામાં શૌચથી સંઘપ્રદેશને મુક્તિ મળી છે. સેલવાસ અને દાદરા નગરહવેલી બન્ને સંઘપ્રદેશ ખુલ્લામાં શૌચ ફ્રી, કેરોસીન ફ્રી જાહેર કરાયા છે.

ભાજપ સરકારના છેલ્લા ૫ વર્ષમાં નવી ઉંચાઈ પર સંઘપ્રદેશ પહોંચ્યા છે. આઝાદી બાદ સંઘપ્રદેશને પહેલી મેડિકલ કોલેજ મળશે. આ સાથે જ તેમણે જણાવ્યું કે, સેલવાસના તમામ ઘરોમાં LPG કનેક્શન આપવામાં આવ્યા છે. સંઘપ્રદેશને આયુષ્યમાન યોજનાનો લાભ મળી રહ્યો છે. આગામી દિવસોમાં મેડિકલ કોલેજોની બેઠકો પણ વધારાશે. આ સાથે જ વૈકલ્પિક બિલ્ડિંગમાં આ વર્ષથી મેડિકલ કોલેજ શરૂ કરાશે. દવા-શિક્ષણની સાથે કોઈ ગરીબ ઘરવિહોણું ના રહે એ પ્રાથમિકતા છે.

શત્રુઘ્નસિંહા પર ભાજપ કાર્યવાહી કરે તેવી સંભાવના

આ મહારેલીમાં એકત્ર થનારાઓના કોઇ જ સિદ્ધાંત નથી: ભાજપ

ન્યુ દિલ્હી

કોલકાતામાં મમતા બેજરજીના નેતૃત્વમાં ૨૨ વિરોધ પક્ષોની મહારેલી પર ભાજપે વળતો પ્રહાર કર્યો છે. ભાજપે વિરોધ પક્ષોની આ એકજુથતાને સિદ્ધાંતવિહીન લોકોની જમાત ગણાવી. સાથે જ મહારેલીમાં શામેલ થનારા પાર્ટી સાંસદ શત્રુઘ્ન સિન્હા પર કાર્યવાહી કરવાના પણ સંકેત આપ્યાં હતાં.

કોલકાતાના બ્રિગેડ પરેડ ગ્રાઉંડમાં આયોજીત મહારેલીમાં સમાજવાદી પાર્ટી પ્રમુખ અખિલેશ યાદવ, કોંગ્રેસના નેતા મલ્લિકાર્જુન ખડગે, આમ આદમી પાર્ટીના અરવિંદ કેજરીવાલ, શરદ યાદવ, એચડી દેવગૌડા વગેરે વિપક્ષી નેતાઓ હાજર રહ્યાં હતાં. તેમની સાથે ભાજપના નેતા અરૂણ શૌરી અને યશવંત સિંહાએ પણ મોદી સરકાર પર આકરા પ્રહારો કર્યા હતાં. વિપક્ષના આ પ્રહારનો ભાજપે પણ જવાબ આપ્યો હતો. ભાજપના નેતા રાજીવ પ્રતાપ રૂડીએ સંકેત આપ્યાં હતાં કે શત્રુઘ્ન સિન્હા વિરૂદ્ધ ટૂંક સમયમાં જ પગલા લેવામાં આવી શકે છે.

રૂડીએ કહ્યું હતું કે, શત્રુઘ્ન સિન્હા પર પાર્ટી પોતાનું સંજ્ઞાન લઈ ચુકી છે. કેટલાક લોકોની મહત્વાકાંક્ષા ખુબ જ વધી ગઈ છે. હું આ પ્રકારના લોકો વિષે કંઈજ કહેવા માંગતો નથી. પરંતુ એટલુ ચોક્કસથી કહેવા માંગુ છું કે, તેઓ લોકો અને પાર્ટીના વિશ્વાસ સાથે દગાખોરી કરવાનું કામ કરી રહ્યાં છે. ભાજપના નેતા રૂડીએ મહારેલી પર નિશાન સાધતા કહ્યું હતું કે, આ મહારેલીમાં એકત્ર થનારાઓના કોઈ જ સિદ્ધાંત નથી. આ એ લોકો છે જે માત્ર વ્યક્તિગત સ્વાર્થના કારણે જ એકત્ર થયા છે. કેન્દ્રની મોદી સરકારને હટાવવા માટે તેમનો જમાવડો એકત્ર થયો છે. પરંતુ આ લોકોએ એ વાત સારી રીતે સમજી લેવી જોઈએ કે જનતા સમજદાર છે અને તેમની વાતોમાં ભોળવાય તેવી નથી.

કેજરીવાલ કોંગ્રેસ સાથે ગઠબંધન નહિ કરે: આપ એકલા હાથે લોકસભા લડશે

ન્યુ દિલ્હી

આમ આદમી પાર્ટી (આપ) આગામી લોકસભા ચૂંટણી માટે દિલ્હીમાં કોંગ્રેસ સાથે ગઠબંધન કરશે નહીં અને આપ એકલા હાથે ચૂંટણી લડશે. આમ આદમી પાર્ટીનાં નેતા ગોપાલ રાયે જણાવ્યું કે, દિલ્હી, પંજાબ અને હરિયાણામાં આમ આદમી પાર્ટી કોઈની પણ સાથે ગઠબંધન વગર એકલા હાથે ચૂંટણી લડશે. અન્ય રાજકીય પક્ષોએ એવું સૂચન કર્યુ હતુ કે, આમ આદમી પાર્ટીએ કોંગ્રેસ સાથે ગઠબંધન કરીને નરેન્દ્ર મોદી અને અમિત શાહનાં વિજયરથને રોકવો જોઈએ.

જો કે, આ તરફ, કોંગ્રેસનાં દિલ્હીનાં પ્રમુખ શિલા દિક્ષીતે સ્પષ્ટ કર્યુ હતું કે, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે ચૂંટણી બાબતે કોઈ ચર્ચા ચાલતી નથી. કોંગ્રેસ દિલ્હીમાં એકલા હાથે ચૂંટણી લડશે. અમે કેજરીવાલ સાથે હાથ મિલાવવાનાં નથી''.

અત્રે ઉલ્લેખનીય છે કે, મમતા બેનર્જી, તામિલનાડુનાં એમ. કે.સ્ટાલિન, ચન્દ્રાબાબુ નાયડુ અને ફારુક અબ્દુલ્લાએ આમ આદમી પાર્ટીને એવુ સૂચન કર્યુ હતું કે, કોંગ્રેસ સાથે તમારા મતભેદ હોવા છતાં મોદીને હરાવવા માટે કોંગ્રેસ સાથે વ્યુહાત્મક ગઠબંધન કરી શકાય. નોંધનીય છે કે, કોંગ્રેસનાં દિગ્ગજ નેતાઓમાંથી એક અજય માકને દિલ્હી કોંગ્રેસ અધ્યક્ષ પદથી રાજીનામું આપ્યું દીધુ હતું.

આ શૂટરોને ગણતંત્ર દિવસ પહેલા બે વરિષ્ઠ નેતાઓને મારવાનું કામ સોંપાયું હતુ

૨૬ જાન્યુઆરી પહેલા ISISના મોટા ષડયંત્રનો પર્દાફાશ, ૩ શાર્પ શુટરો પકડાયા

ન્યુ દિલ્હી

દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલ દ્વારા એક ઈન્ટેલિજન્સ એજન્સીએ ૨૬ જાન્યુઆરી પહેલા ISIS ની એક મોટી સાજિશનો પર્દાફાશ કર્યો છે. રાજધાની દિલ્હીના અલગ-અલગ વિસ્તારોમાંથી ૩ શાર્પ શુટર્સની ધરપકડ કરવામાં આવી છે. આ શૂટર્સનું નિશાન ગણતંત્ર દિવસ પહેલા દેશના બે મોટા નેતાઓની હત્યા કરીને દેશમાં દહેશત ફેલાવાનું હતું. પકડાયેલા લોકોમાં ટ્રેનિંગ લઈ ચૂકેલો અફઘાનિસ્તાનનો એક નાગરિક પણ શામિલ છે. સુત્રો અનુસાર પાકિસ્તાનની ISI એ આ લોકોને ગણતંત્ર દિવસ પહેલા બે વરિષ્ઠ નેતાઓને મારવાનું કામ સોંપ્યું હતું.

પ્રાપ્ત વિગતો અનુસાર આ ઓપરેશનના માસ્ટર માઈન્ડની ઓળખ પાકિસ્તાનના અંડરવર્લ્ડ ડોન રસૂલ ખાન પાર્ટી તરીકે કરવામાં આવી છે. આપને જણાવી દઈએ કે રસૂલ ખાન જ ૨૦૦૩માં માર્યા ગયેલા ગુજરાતના પૂર્વ ગૃહ પ્રધાન હરેન પંડ્યાની હત્યામાં મુખ્ય ષડયંત્રકારી હતો.

પકડાયેલા ત્રણ લોકોમાં એક અફઘાનિસ્તાનના નાગરિકનું નામ વલી મહોમ્મદ સબૈફી છે. આ વ્યક્તિ અફઘાનિસ્તાનના મજાર-એ-શરીફનો રહેવાસી છે. આ સીવાય શેખ રિયાઝુદ્દીન ઉર્ફ રાજા અલામી જે દિલ્હીના મદનગીરમાં મકાન નંબર ૬૩૭, ગલી નંબર ૨૨, ગ્રાઉન્ડ ફ્લોર, ડીડીએ ફ્લેટ્સમાં રહે છે. પકડાયેલો ત્રીજો વ્યક્તિ કરળના કાસરગોડનો રહેવાસી છે જેનું નામ મુહાસિમ સીએમ ઉર્ફ તસલીમ છે. સુત્રો અનુસાર આમાંથી ૨ લોકોને ત્રણ દિવસ પહેલા નિઝામુદ્દીન પાસેથી હથિયારો સાથે પકડવામાં આવ્યો છે. પોલિસને આ લોકો પાસેથી એક આઈફોન મળ્યો છે જેની તપાસ કરવામાં આવી રહી છે.

આ ષડયંત્રની જાણકારી ગુપ્તચર એજન્સિઓને ત્યારે મળી જ્યારે રસૂલ પાર્ટી અને દક્ષિણ ભારતના એક વ્યક્તિ થયેલા એક ફોન કોલને ઈન્ટરસેપ્ટ કરવામાં આવ્યો. આ લોકો હથિયારોની વ્યવસ્થા અને બે હાઈ વેલ્યૂ ટાર્ગેટ વિશે વાત કરી રહ્યા હતા. સુત્રોએ જણાવ્યું કે આ આખી એક્શનને મિડ-ડિસેમ્બરથી ટ્રેક કરવામાં આવી રહી હતી અને જેવી જ એ વાતની પુષ્ટી થઈ કે હવે પ્લાન તેના અંતિમ ચરણોમાં છે ત્યારે પોલીસે કાર્યવાહી કરીને આ શાર્પશુટર્સની ધરપકડ કરી લીધી.

મેક્સિકોમાં ઓઈલ પાઈપલાઈનમાં બ્લાસ્ટ: ૨૧નાં મોત

મેક્સિકો

મેક્સિકોમાં શનિવારે ઓઈલ પાઈપલાઈનમાં પ્રચંડ બ્લાસ્ટ થતા ૨૧ લોકોનાં મોત થયા હતા. લીક થયેલી પાઈપલાઈનમાં પ્રચંડ વિસ્ફોટ થયો હોવાનું પ્રાથમિક તાપસમાં ખુલ્યું હતું. આ દુર્ઘટનામાં ૬૦ લોકો ઘાયલ થયા હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

હિડાલગો સ્ટેટના ગર્વનર ઓમર ફયાદે જણાવ્યું કે લીક થયેલી પાઈપલાઈનમાંથી કેટલાક સ્થાનિકો ઓઈલ મેળવવા એકત્ર થયા હતા ત્યારે જ પ્રચંડ વિસ્ફોટ થયો હતો જેમાં ૨૧ લોકો ભડથું થઈ ગયા હતા. મારી જાણમાં આવ્યું છે કે ૨૧નાં મોત થયા છે તેમજ ૬૦ લોકો ઈજાગ્રસ્ત છે. ઘાયલોની સારવાર હોસ્પિટલમાં ચાલી રહી છે.









તંત્રી સ્થાનેથી...

દરેક સેક્ટરમાં તક છે

આધુનિક ભાગદોડની લાઈફમાં દરેક સેક્ટરમાં અનેક સારી સંભાવના રહેલી છે. બદલાઈ રહેલા બિઝનેસના માહોલમાં પુરતા લાભ લેવા માટે કર્મચારીને હમેંશા સાવધાન રહેવાની જરૂર હોય છે. કોઈ પણ કર્મચારીને હાલમાં સમયની સાથે અને બિઝનેસના બદલાઈ રહેલા સમયની સાથે આગળ વધવાની જરૂર હોય છે. ભવિષ્યમાં કંપની અને કર્મચારી બન્નેની સફળતા આ બાબતની સાથે નક્કી થશે કે નવા વર્ક પ્લેસની જરૂરિયાતને તમે કઈ રીતે પૂર્ણ કરી રહ્યા છો. તાજેતરના સમયમાં જુદા જુદા સેક્ટરમાં ફેરફાર થઈ રહ્યા છે. કર્મચારીઓને આના માટે તૈયારી કરી લેવી જોઈએ. બેંકિંગ અને ફાયનાન્સિયલ સેક્ટરમાં કામ કરી રહેલા કર્મચારીઓ માટે સૌથી જરૂરી બાબત એ છેકે તેઓ ઝડપથી બદલાઈ રહેલા ડિજિટલ ટેકનોલોજી ઈકો સિસ્ટમમાં પોતાની પ્રોફેશનલ નોલેજને સારી રીતે વધારે. સાથે સાથે સ્કિલ પર ધ્યાન કેન્દ્રિત કરે. કસ્ટમર એક્સપિરિયન્સ ટ્રાન્સફોર્મેશન માટે મલ્ટીપલ સિસ્ટમની સાથે કોલાબરેશન કરવાની ક્ષમતા વિકસિત કરવાની જરૂર છે. વર્ચુઅલ રિયાલિટી, મસીન લર્નિંગ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ , સાયબર સિક્યોરિટી , બિગ ડેટા, એડવાન્સ્ડ એનાલિટિક્સ, ડિજિટલ માર્કેટિંગ, ઈન્ટરનેટ ઓફ થિંગ્સ, રોબોટિક્સ, પ્રોસેસ ઓટોમેશનજેવા ક્ષેત્રમાં સ્કિલને વધારી દેવાનો સમય આવી ગયો છે. એફએફસીજી અને રિટેલ ક્ષેત્રમાં પણ માહોલ બદલાઈ રહ્યો છે. બિઝનેસનો માહોલ હમેંશા બદલાતો રહે છે. આવી સ્થિતીમાં એક કુશવ કર્મચારીને હમેંશા નવી નવી સ્કીલમાં વધારેને વધારે ધ્યાન આપવાની જરૂર હોય છે. આ સેક્ટરના તમામ કર્મચારીઓને પોતે પોતાના મુલ્યાંકન પર ધ્યાન આપવુ જોઈએ. પોતાની તાકાત અને અપેક્ષા વચ્ચે તાલમેલ બેસાડી દેવા માટેના પ્રયાસો કરવા જોઈએ. ગ્રાહકો સાથે મજબુત પર્સનલ સંબંધ સ્થાપિત કરવાની આ ક્ષેત્રમાં જરૂર હોય છે. રિટેલ અને એફએમસીજીના સેક્ટરમાં ઈનોવેશન પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે તે પણ જરૂરી છે. ફંકશનલ અને લીડરશિપ ક્વાલિટી વિકસિત કરવાની જરૂર હોય છે. કર્મચારીને હમેંશા કોર સ્કિલ્સ પર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર હોય છે. પોતાની કુશળતા કેટલી છે તે બાબત અંગે નિર્ણય લઈને પોતાના લક્ષ્ય નક્કી કરવા જોઈએ. ફાર્મા સેક્ટરની વાત કરવામાં આવે તો તેની સામે નવા પડકારો આવી રહ્યા છે. વર્તમાન નિયામક પડકારોના દોરમાં ફાર્મા ઈન્ડસ્ટ્રીઝ રિ ઈન્વેશનના દોરમાંથી પસાર થાય છે. યુએસએફડીએ દ્વારા નિરીક્ષણની સંખ્યા વધારી દેવામાં આવ્યા બાદ મેન્યુફેકચરિંગ કામગીરી પર ધ્યાન આપવાની જરૂરિયાત દેખાઈ રહી છે. આના માટે કેટલાક ઉદ્દેશ્ય નક્કી કરીને આગળ વધવામાં આવે તે જરૂરી છે. આ ક્ષેત્રમાં સફળતા હાંસલ કરવા માટે લેટેસ્ટ મેનેજમેન્ટ ટુલ્સ અને ડેટા એનાલિટિક્સ પર ધ્યાન આપવાની હવે જરૂર છે. રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ પર ખાસ ધ્યાન આપવાની જરૂરિયાત દેખાઈ રહી છે. પ્રોજેક્ટ મેનેજમેન્ટને સમજીને સ્કિલ્સની દિશામાં આગળ વધવાની જરૂરિયાત દેખાઈ રહી છે. નવી નવી ટેકનોલોજીને વહેલી તકે સ્વીકાર કરવાની ટેવ વિકસિત કરવાની જરૂર છે.

બદલાઈ રહેલા બિઝનેસ માહોલમાં હવે સફળ થવા માટે સાવધાની જરૂરી રહેશે

હાર્ટના દર્દી સેક્સ માણી શકે

તાજેતરમાં જ કરવામાં આવેલા નવા રસપ્રદ અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે મોટાભાગના હાર્ટના દર્દીઓ પણ સુરક્ષિત રીતે સેક્સની પ્રવૃત્તિને આગળ વધારી શકે છે. પરંતુ હાર્ટના દર્દીઓને સેક્સની પ્રવૃત્તિ પુનઃ શરૂ કરતા પહેલા કુશળ તબીબની સલાહ ચોક્કસપણે લઈ લેવી જોઈએ. કાર્ડિયોવેસક્યુલર રોગ થયા બાદ સેક્સની પ્રવૃત્તિ શરૂ કરતા પહેલાં તેમના તબીબ પાસેથી ચકાસણી કરાવી લેવી જોઈએ. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે નાનકડી કોઈ સામાન્ય પ્રવૃત્તિ અથવા તો આરામ કરતી વેળા પણ જો અસ્વસ્થતા અનુભવ થતી હોય તો આવા દર્દીઓએ સેક્સની પ્રવૃત્તિમાં ભાગ લેવો જોઈએ નહીં પરંતુ જે દર્દીઓને થોડાક સમય સુધી વોકિંગ કરવાથી અથવા તો ચાલવાથી શ્વાસની તકલીફ થતી નથી અથવા તો છાતીમાં દુઃખાવો થતો નથી તેવા દર્દીઓ સરળતાથી સેક્સ પ્રવૃત્તિ શરૂ કરી શકે છે. પરંતુ છાતીમાં દુઃખાવા જેવા લક્ષણો દેખાતા હોય તો આ લક્ષણો નિયંત્રણમાં ન આવે ત્યાં સુધી સેક્સથી દૂર રહેવાની બાબત યોગ્ય છે. અમેરિકન હાર્ટ એસોશીએશન દ્વારા જારી કરવામાં આવેલી નવી માર્ગદર્શિકામાં આ મુજબની વાત કરવામાં આવી છે. નવી માર્ગદર્શિકા જનરલ સરકયુલેશનમાં પ્રકાશિત કરવામાં આવી છે.

આમા જણાવવામાં આવ્યું છે કે કાર્ડિયાર્ક રિહેબીલીટેશન અને નિયમિત શારીરિક પ્રવૃત્તિ હાર્ટના રોગ ધરાવતા લોકોની સેક્સ પ્રવૃત્તિ સાથે જોખમ સાથે પણ સંકળાયેલી છે. જે મહિલાઓ પર હાર્ટ એટેકનો હુમલો થઈ ચૂક્યો છે તે મહિલા દર્દીઓએ પણ ગર્ભનિરોધક દવાઓ મામલે તેમના તબીબો સાથે વાત કરવી જોઈએ. સગર્ભા અવસ્થા અંગે વાત કરવામાં આવે તે પણ જરૂરી છે. સામાન્ય રીતે સેક્સ પાવર વધારતી દવાઓ પુરુષો માટે સુરક્ષિત હોય છે પરંતુ દર્દીઓએ આ પ્રકારની દવા ટાળવી જોઈએ.

ભાજપ સામે એકલા હાથે લડવા કોઈની તાકાત નથી જેથી મજબુરી...

ચૂંટણી તમામ પક્ષો માટે પરીક્ષા સમાન



મોદીને પછડાટ આપવા તમામ પક્ષો માટે ગઠબંધન કરવાની મોટી મજબુરી છે : ગઠબંધનમાં લીડરશીપને લઈને પણ ભારે દુવિધા છે

પાંચ રાજ્યોમાં હાલમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીના પરિણામને ધ્યાનમાં રાખીને કહી શકાય છે કે વર્ષ ૨૦૧૯માં યોજાનારી લોકસભાની ચૂંટણી કોઈના માટે પણ સરળ રહેનાર નથી. સવાલ એ છે કે આ ચૂંટણી વર્ષ ૨૦૧૪ કરતા અલગ કઈ રીતે રહી શકે છે. એક અંતર તો એ છે કે એ વખતે વિપક્ષની સ્થિતી ખુબ નબળી હતી. આજે પાંચ રાજ્યોની ચૂંટણીના પરિણામ જુદા જુદા સંકેત આપે છે. હાલની જીતના કારણે કોંગ્રેસ પાર્ટીમાં ઉર્જા ભરાઈ ગઈ છે. છતાં ગઠબંધન કરીને આગળ વધવાની બાબત તેના માટે મજબુરી છે. આજે વિપક્ષમાં બેસેલા તમામ રાજકીય પક્ષોમાં કોઈ એક પક્ષ પાસે ભાજપને ટક્કર આપવાની સ્થિતી નથી. જો કે કેટલાક મોરચે સરકાર નિષ્ફળ પણ રહી છે. નોકરીદાર વર્ગમાી નિરાશા છે. પે કમીશનના કારણે લોકો દુર થયા છે. નોટબંધીના કારણે પરેશાન લોકો હવે જીએસટીના કારણે હેરાન છે. પેટ્રોલ અને ડીઝલની વધતી જતી કિંમતો અને ડોલરની સામે રૂપિયામાં નરમાઈના કારણે મધ્યમ વર્ગ ચિંતિત છે.

સત્તારૂઢ પાર્ટી આગામી ૨૯ રાજ્યો અને કેન્દ્ર શાશિત પ્રદેશોને જોવામાં આવે તો ભારતીય જનતા પાર્ટીનુ પ્રભુત્વ દેખાય છે. જો કે કેટલાક મોરચે સરકાર નિષ્ફળ પણ રહી છે. નોકરીદાર વર્ગમાી નિરાશા છે. પે કમીશનના કારણે લોકો દુર થયા છે. નોટબંધીના કારણે પરેશાન લોકો હવે જીએસટીના કારણે હેરાન છે. પેટ્રોલ અને ડીઝલની વધતી જતી કિંમતો અને ડોલરની સામે રૂપિયામાં નરમાઈના કારણે મધ્યમ વર્ગ ચિંતિત છે.

સત્તારૂઢ પાર્ટી આગામી ચૂંટણીમાં આ મુદ્દાને લઈને ભીસમાં રહેશે. ભાજપની પાસે તો પ્રજાની પાસે જવા માટે અનેક મુદ્દા છે. જે તેને ફાયદો કરાવશે. જેમાં રાધણ ગેસ, વીજળી, પાણી, શૌચાલય, આરોગ્ય યોજનાઓનો સમાવેશ થાય છે. તેની પાસે સબકા સાથ સબકા વિકાસ જેવા નારા છે. વિપક્ષની પાસે આના કોઈ વિકલ્પ નથી. ભાજપને અમીર લોકોની પાર્ટી કહેવાથી કામ ચાલશે નહીં. ગરીબ લોકોને ક્યા અને કઈ રીતે તે નોકરી આપશે તે બાબત કહેવાની જરૂર છે. આ બાબત શક્ય છે કે ચૂંટણી પહેલા તમામ બાબતોની સ્પષ્ટતા કરવામાં આવી શકે છે. આ બાબત પણ સાચી છે કે વર્ષ ૨૦૧૯ની ચૂંટણી માત્ર આર્થિક વિકાસ, નેતૃત્વના મોરચે લડવામાં આવનાર નથી. તેમાં ધાર્મિક, સામાજિક અને સાંસ્કૃતિક રંગ પણ જોવા મળનાર છે .ભગવાકરણ કરનાર લોકો એકબાજુ રહેશે અને વિરોધમાં અન્ય લોકો રહેશે. દલિત સમુદાય પોતાના પર થઈ રહેલા અત્યાચારના મુદ્દાને રજૂ કરનાર છે. એનડીએના સાથી પક્ષોમાં નારાજગી જોવા મળી રહી છે. શિવ સેનાની ભાષા બદલાઈ ગઈ છે. કોંગ્રેસ પાર્ટી પોતાના સાથીઓની શોધમાં છે. કેટલાક રાજકીય પક્ષોના અસ્તિત્વની લડાઈ પણ આમાં નજરે પડનાર છે. એક બાબત સ્પષ્ટ છે કે લોકસભા અને રાજ્ય વિધાનસભાની ચૂંટણીના પરિણામ હમેંશા જુદા જુદા રહે છે. લોકસભાની ચૂંટણી રાષ્ટ્રીય મુદ્દા પર આધારિત રહે છે. જ્યારે વિધાનસભાની ચૂંટણી હમેંશા સ્થાનિક મુદ્દા પર લડવામાં આવે છે. જનતા લોકસભાની ચૂંટણીમાં પોતાના સ્થાનિક મુદ્દાને બાજુમાં મુકે છે. તે સરકારની યોજનાઓ અને નિતીને ધ્યાનમાં લઈને મત આપે છે. આજની સ્થિતીમાં કોઈ પણ પાર્ટી એકલા હાથે ભાજપનો સામનો કરવાની સ્થિતીમાં નથી. જેથી ગઠબંધનની રાજનીતિ એકમાત્ર વિકલ્પ છે.વિપક્ષી ગઠબંધન બનશે તો તેની સામે કેટલાક પડકારો પણ રહેશે. કહી શકાય છે કે વર્ષ ૨૦૧૯ની ચૂંટણી ભાજપ અને વિરોધ પક્ષો માટે પરીક્ષા સમાન છે. નવા મતદારોને પ્રભાવિત કરવાની પણ પાર્ટીઓની જવાબદારી રહેશે. વિરોધ પક્ષો લડાયક મુડમાં દેખાઈ રહ્યા છે. મોદી સામે મજબુત ગઠબંધન કરવા માટેના તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જો કે કર્ણાટકમાં હાલમાં જે પ્રકારની સ્થિતી ઉભી થઈ ગઈ છે તેને જોતા લોકોમાં સારી છાપ ઉભી થાય તેવી શકયતા પણ ઓછી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીને હાર આપવા માટે તમામ લોકો એક મંચ પર આવી રહ્યા છે. કારણ કે ભાજપની સ્થિતી આજે એટલી મજબુત થઈ ગઈ છે કે કોઈ પણ પાર્ટી એકલા હાથે મેદાનમાં આવવાની સ્થિતીમાં નથી.

બે સુપરસ્ટાર ૩૭ વર્ષની વયે યુવાનોના જોશને હરાવી રહ્યા છે...

ધોની-ફેડરર પોતાની ધુનમાં મગ્ન



ધોનીએ હાલમાં ઓસ્ટ્રેલિયા સામે વનડે શ્રેણીમાં ભવ્ય દેખાવ કરીને કુશળતા પુરવાર કરી : ફેડરર હજુ પ્રભુત્વ સાથે દેખાવ કરી રહ્યો છે

કોઈ પણ ક્ષેત્ર હોય ઈચ્છાશક્તિ સૌથી મહત્વપૂર્ણ બાબત છે તે બાબત આજે સૌથી સારી રીતે ટેનિસ સ્ટાર રોજર ફેડરર અને ક્રિકેટ સ્ટાર મહેન્દ્ર સિંહ ધોની સાબિત કરી રહ્યા છે. આ બંને ખેલાડી આજે ૩૭ વર્ષની વયમાં પણ તેમના કરતા ખુબ નાના યુવા સ્ટાર ખેલાડીઓને પરસેવા છોડાવી રહ્યા છે. આટલી વયમાં પણ યુવાઓના જુસ્સાને આ બંને ખેલાડી પછડાટ આપી રહ્યા છે. શુક્રવારના દિવસે મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે રમાયેલી ત્રીજી અને અંતિમ વનડે મેચમાં પણ પૂર્વ ભારતીય કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોનીએ તેની કુશળતા સાબિત કરી હતી. સાથે સાથે સાબિતી પણ આપી હતી કે તે શા માટે સૌથી શ્રેષ્ઠ ફિનિસર તરીકે ગણવામાં આવે છે. શુક્રવારના દિવસે ખેલની દુનિયાના બે સુપરસ્ટાર માત્ર એક કિલોમીટરની હદમાં રમી રહ્યા હતા. એક બાજુ ઓસ્ટ્રેલિયાની સામે ભારતને નિર્ણાયક મેચ જીતાડી દેવામાં મહેન્દ્ર સિંહ ધોનીએ ચાવીરૂપ ભૂમિકા અદા કરી હતી. સાથે સાથે રોડ લેવર મેદાન ખાતે રોજર ફેડરરે ઓસ્ટ્રેલિયન ઓપનમાં પોતાની ધામ જમાવી હતી. જે વયમાં પહોંચી ગયા બાદ સામાન્ય રીતે ખેલાડીના નામની આગળ રિટાયર્ડ શબ્દ જોડાઈ જાય છે તે વયમાં બંને ખેલાડીઓ યુવા ખેલાડીઓને શરમજનક સ્થિતીમાં મુકી રહ્યા છે. ક્રિકેટમાં ધોનીએ મેચમાં અણનમ ૮૭ રન બનાવીને ભારતને જીત અપાવી હતી. આની સાથે જ ઓસ્ટ્રેલિયાની જમીન પર ભારતે પ્રથમ વખત દ્વિપક્ષીય શ્રેણી જીતી લીધી હતી. જ્યારે રોજર ફેડરરે અમેરિકાના ટેલર ફ્રિટજને ૬-૨, ૭-૫ અને ૬-૨થી હાર આપીને જીત મેળવી હતી. આની સાથે રોજર ફેડરર અંતિમ ૧૬માં સ્થાન મેળવી લેવામાં સફળતા મેળવી હતી. બંને ખેલાડીઓ માટે આ સિદ્ધી સમાન મેચ હતી. એકબાજુ ધોની પોતાની ઈનિંગ્સ દરમિયાન ઓસ્ટ્રેલિયાની જમીન પર ૧૦૦૦ રન પૂર્ણ કરનાર ચોથો ભારતીય બની ગયો હતો. બીજી બાજુ રોજર ફેડરરે રોડ લેવર એરિના ખાતે પોતાની ૧૦૦મી મેચ રમી હતી. બંને ખેલાડીઓ વારંવાર પ્રશ્ન નિવૃતિને લઈને થતા રહે છે. રોડર ફેડરર અને ધોનીની સફળતાના દોર વચ્ચે તેમની નિવૃતિના પ્રશ્ન પણ થતા રહે છે. સતત ત્રીજી અડધી સદી સાથે ધોનીએ સાબિતી આપી દીધી છે કે તેમાં હજુ ઘણા સમય સુધી રમવાની ક્ષમતા છે. બંને ખેલાડી પોતાની ધુનમાં મગ્ન દેખાઈ રહ્યા છે. તે આગામી વર્લ્ડ કપમાં ચોક્કસપણે રમનાર છે. જ્યારે ફેડરરે પોતાના હરિફ ૨૧ વર્ષીય ટેલરને સરળતાથી હાર આપીને ફરીથી પોતાની તાકાત સાથે તમામને પરિચય કરાવ્યા હતા. તે કેરિયરમાં તે પહેલા ૯૯ ટ્રોફી જીતી ચુક્યો છે. ઓસ્ટ્રેલિયન ઓપનમાં જીત મેળવીને તે ટ્રોફીની સદી ફટકારી દેવા માટેની તૈયારીમાં છે. રોજર ફેડરરે કહ્યુ છે કે તેને કોઈ પણ પ્રકારની કોઈ ઈજા થઈ નથી. રમતની મજા માણી રહ્યો છે. તેના બાળકો મજામાં છે. પત્નિ ખુશ છે. જ્યાં સુધી મોમેન્ટની વાત છે તેને કોઈ ફરિયાદ નથી. હાલમાં નિવૃતિની કોઈ પણ યોજના નથી. તે પોતાની કેરિયરમાં અને જીવનમાં જ્યાં છે તેના કારણે ખુશ છે. આવનાર દિવસોમાં આ બંને ખેલાડીઓ કેટલાક નવા રેકોર્ડ સાબિત કરવા માટે ઉત્સુક છે. ધોનીએ ગઈકાલે છેલ્લી મેચ બાદ સંકેત આપી દીધો હતો કે ટીમ જ્યાં પણ ઈચ્છશે ત્યાં તેને બેટિંગ કરવાને લઈને કોઈ તકલીફ નથી. પોતાની ટીમ માટે શ્રેષ્ઠ કરવા તે તૈયાર છે. મહેન્દ્ર સિંહ ધોનીને હાલમાં ખરાબ દેખાવ બાદ પડતો મુકી દેવામાં આવતા કેટલાક પ્રશ્નો શરૂ થયા હતા. વિતેલા વર્ષોના સ્ટાર ખેલાડી અને ચાહકો પણ ધોની ટીમમાં વાપસી કરશે કે કેમ તેને લઈને ચર્ચા થઈ રહી હતી. જો કે ઓસ્ટ્રેલિયા સામે જોરદાર દેખાવ કરીને ધોનીએ સાબિતી આપી છે કે તે કેટલાક વર્ષો સુધી હજુ બોલરો માટે માથાના દુખાવા સમાન રહેશે. ફિનિશર તરીકેની છાપ ફરી ઉપસી આવી છે. રોજર ફેડરર પણ એક પછી એક ગ્રાન્ડ સ્લેમ અને અન્ય સ્પર્ધામાં સતત રમી રહ્યો છે. જીતી પણ રહ્યો છે. તેના શાનદાર દેખાવના કારણે પૂર્વ ખેલાડી પણ ફેડરરથી પ્રભાવિત છે. ઓસ્ટ્રેલિયન ઓપનમાં તેની આગેકુચ જારી રહી છે.

બંને ખેલાડી હજુ રિટાયર થવાના મુડમાં બિલકુલ દેખાઈ રહ્યા નથી. ફેડરર ટેનિસમાં અને ધોની ક્રિકેટમાં કેટલાક નવા રેકોર્ડ પોતાના નામ પર કર્યા વગર હજુ નિવૃત થનાર નથી. ચાહકો માટે પણ આ ખુબ સારા સમાચાર તરીકે છે. બંને મહાન ખેલાડીની રમત જોવા ચાહકો ઉત્સુક પણ છે.

ઓબેસિટી અને કૅન્સર વચ્ચેના ગાઢ સંબંધને ઓળખીએ

ઓબેસિટીને ડાયાબિટીઝ, હાઈપર-ટેન્શન, હાર્ટ-ડિસીઝ કે સ્ટ્રોક સાથે જોડવામાં આવે છે; પરંતુ કૅન્સર જેવા રોગ માટે પણ એ મહત્વનું રિસ્ક-ફૅક્ટર છે. વર્લ્ડ હેલ્થ ઑર્ગેનાઇઝેશને કૅન્સર થવા પાછળ ઓબેસિટીને તમાકુ પછીનું બીજા નંબરનું સૌથી મોટું જાણીતું રિસ્ક જાહેર ક

ઓબેસિટી અને કૅન્સર વચ્ચેના ગાઢ સંબંધને ઓળખીએ

કેસ-૧ : ઘાટકોપરમાં રહેતાં પ્રિયા શાહ ૪૦ વર્ષનાં ધાર્મિક ગૃહિણી છે જેમને થોડા સમય પહેલાં બ્રેસ્ટ-કૅન્સરનું નિદાન થયું. સારી વાત એ હતી કે એકદમ પ્રાથમિક સ્ટેજમાં જ કૅન્સરનું નિદાન થયું હતું. જોકે કૅન્સરનું નામ જ એવું છે કે ભલભલા એનાથી ડરે. આખો પરિવાર આ બાબતે ઘણો જ સ્ટ્રેસમાં આવી ગયેલો. સૌથી મોટો ધક્કો બધાને એ વાતનો લાગેલો કે પ્રિયાને કઈ રીતે કૅન્સર થઈ શકે? પ્રિયાના પરિવારમાં કોઈને કૅન્સર નહોતું. તેનાં બે બાળકો હતાં અને બન્નેને તેણે સ્તનપાન કરાવેલું. તેને કોઈ જ કુટેવ હતી નહીં. તમાકુને તેણે તો શું તેના ઘરમાં કોઈએ હાથ પણ નથી લગાડેલો. છતાં પ્રિયાને કૅન્સર કેમ આવ્યું હશે એ બાબતે આખો પરિવાર મૂંઝવણ અનુભવતો હતો. ડૉક્ટરે તેમને કહ્યું કે પાકું તો ન કહી શકાય કે પ્રિયાને શેને કારણે કૅન્સર આવ્યું છે, પરંતુ જે રિસ્ક-ફૅક્ટર વિશે વિજ્ઞાન જાણે છે એ રિસ્ક-ફૅક્ટર છે ઓબેસિટી જે પ્રિયાના કેસમાં કારક હોઈ શકે છે. પ્રિયાની હાઇટ પાંચ ફુટ હતી અને તેનું વજન ૮૮ કિલો હતું. તેની હિતના પ્રમાણમાં તેનું વજન ખૂબ વધારે હતું. બીજો દીકરો આવ્યો એ પછીથી તેનું વજન ખૂબ વધી ગયું હતું જેના પર તેણે ક્યારેય ખાસ ધ્યાન આપ્યું નહોતું. ડૉક્ટરોનું કહેવું હતું કે પ્રિયાના કેસમાં લાગે છે કે ઓબેસિટીને કારણે જ તેને કૅન્સર આવ્યું છે. જોકે એનો ઇલાજ વ્યવસ્થિત પત્યો. હાલમાં તે કૅન્સરમુક્ત છે, પરંતુ કૅન્સર પાછું ન આવે એ માટે ડૉક્ટરે તેને ખાસ તાકીદ કરી છે કે તેણે તેનું વજન ઓછું કરવાનું છે. વળી સમગ્ર જીવન દરમ્યાન તેણે ધ્યાન રાખવાનું છે કે વજન ક્યારેય વધે નહીં. વજન વધશે તો કૅન્સર પાછું આવવાની સંભાવના ઘણી વધી જશે.

ઓબેસિટી ૨૧મી સદીનો મુખ્ય પ્રશ્ન બનતો જાય છે. ઓબેસિટીને કારણે ડાયાબિટીઝ, બ્લડ-પ્રેશર, હાર્ટ-પ્રૉબ્લેમ્સ જેવા અનેક પ્રૉબ્લેમ્સ સામે આવી રહ્યા છે જેને આપણે મેટાબોલિક ડિસઑર્ડર કહીએ છીએ. જોકે ઓબેસિટી કૅન્સર થવા માટેનું કારણ હોઈ શકે ખરું? સામાન્ય રીતે આ બન્ને વચ્ચેના સંબંધ વિશે લોકોમાં હજી જાગૃતિ ફેલાઈ નથી. કૅન્સરની વાત આવે ત્યારે લોકો તમાકુ, સિગારેટ, આલ્કોહોલ, કાર્સિનોજેનિક ખાદ્ય પદાર્થો અને પ્રદૂષણને મુખ્ય કારણોમાં ગણતા હોય છે; જ્યારે વર્લ્ડ હેલ્થ ઑર્ગેનાઇઝેશને કૅન્સર થવા પાછળ ઓબેસિટીને તમાકુ પછીનું બીજા નંબરનું સૌથી મોટું જાણીતું રિસ્ક જાહેર કર્યું છે. કૅન્સર અને ઓબેસિટી વચ્ચે કોઈ સંબંધ જરૂર છે. આજે જાણીએ ઓબેસિટી કઈ રીતે કૅન્સરનું કારક બને છે.

દુનિયાભરમાં વધતી જતી ઓબેસિટી પણ કૅન્સરના કેસોમાં વધારો થવા પાછળ જવાબદાર ગણવામાં આવી રહી છે. ઓબેસિટીને કારણે પેટનું, સ્તનનું, મૂત્રમાર્ગનું, ઓવરીનું, અન્નનળીનું, સ્વાદુપિંડનું, કિડનીનું અને પિત્તાશયનું કૅન્સર થવાની શક્યતા મોટી ઉંમરે વધી જાય છે.



હૉર્મોનલ પ્રૉબ્લેમ

સામાન્ય રીતે એસ્ટ્રોજન નામનું હૉર્મોન સ્ત્રીઓના શરીરમાં ઓવરીમાંથી સ્રાવ થતું હોય છે જે મેનોપૉઝ આવ્યા પછી બંધ થઈ જતું હોય છે. આ એસ્ટ્રોજન ફૅટ્સની અંદર સંગ્રહાઈ જાય છે. જ્યારે શરીરમાં ચરબી વધુ હોય ત્યારે આ હૉર્મોનનું પ્રમાણ પણ શરીરમાં કુદરતી રીતે વધી જાય છે. એક ઓબીઝ સ્ત્રીમાં એસ્ટ્રોજન હૉર્મોનનું પ્રમાણ એક સામાન્ય હેલ્થી સ્ત્રી કરતાં બમણું હોય છે. આ ઉપરાંત આ સ્ત્રીઓમાં એસ્ટ્રોજનને કાબૂમાં લેતું સેક્સ-હૉર્મોન બાઇન્ડિંગ ગ્લોબ્યુલીન પણ ઘણી ઓછી માત્રામાં હોય છે. આમ જાડી સ્ત્રીઓમાં એસ્ટ્રોજન હૉર્મોનનું વધતું પ્રમાણ કૅન્સરને આમંત્રે છે. ખાસ કરીને ઓબેસિટીને લીધે સ્ત્રીઓમાં ગર્ભાશય અને સ્તન-કૅન્સરનું પ્રમાણ વધુ જોવા મળે છે. સ્ત્રીઓમાં કૅન્સર થવા પાછળ આ ખૂબ જ મહત્વનું કારણ છે. આ કારણની સાથે-સાથે બીજાં કારણો જણાવતાં ડૉ. ચૈતન્યઆનંદ કોપ્પીકર કહે છે, ‘ઓબેસિટીને કારણે કિડનીમાં અને પિત્તાશયમાં સ્ટોન થવાની શક્યતા વધી જાય છે જે સ્ટોન-કૅન્સરનું રિસ્ક વધારે છે. જે લોકો જાડા હોય છે તેમના શરીરમાં લેપ્ટિન નામનું હૉર્મોન ઘણી વિશાળ માત્રામાં સ્રાવ થાય છે જે કોષોના વિસ્તારને બળ આપે છે એટલે કે જો કૅન્સરના કોષો શરીરમાં છે તો આ લેપ્ટિન એ કોષોને વધારવાનું કામ કરે છે. એ રીતે પણ કૅન્સરનું રિસ્ક વધે છે. આ ઉપરાંત ઓબીઝ લોકોના શરીરમાં અમુક પ્રકારનું ઇન્ફ્લમેશન થાય છે જે કૅન્સરનું રિસ્ક વધારે છે.’

ખાસ કરીને ઓબેસિટીને લીધે સ્ત્રીઓમાં ગર્ભાશય અને સ્તન-કૅન્સરનું પ્રમાણ વધુ જોવા મળે છે. સ્ત્રીઓમાં કૅન્સર થવા પાછળ આ ખૂબ જ મહત્વનું કારણ છે. આ કારણની સાથે-સાથે બીજાં કારણો જણાવતાં ડૉ. ચૈતન્યઆનંદ કોપ્પીકર કહે છે

ખતરો

વ્યક્તિની ઊંચાઈ અને વજન બન્ને ધ્યાનમાં રાખીને તેમનો બૉડી માસ ઇન્ડેક્સ કાઢવામાં આવે છે. આ બૉડી માસ ઇન્ડેક્સ જો પચીસથી વધારે હોય તો તે વ્યક્તિને ઓવરવેઇટ કહે છે, જ્યારે બૉડી માસ ઇન્ડેક્સ ૩૦થી વધારે હોય તો તેને ઓબીઝ પેશન્ટ કહે છે. ઓબેસિટી અને કૅન્સર વચ્ચે કોઈ ખાસ સંબંધ છે કે નહીં એ પ્રશ્નનનો જવાબ આપતાં ઑન્કોપ્લાસ્ટી સર્જન ડૉ. ચૈતન્યઆનંદ કોપ્પીકર કહે છે, ‘ઓબેસિટી અને કૅન્સર વચ્ચે ચોક્કસપણે સંબંધ છે. બૉડી માસ ઇન્ડેક્સ મુજબ કહી શકાય છે કે વ્યક્તિને કૅન્સરનું રિસ્ક છે કે નહીં. આ ઉપરાંત જે લોકો સેન્ટ્રલ ઓબેસિટીનો શિકાર હોય એટલે કે જેમને ફાંદનો પ્રૉબ્લેમ હોય તેમને પણ કૅન્સરનું રિસ્ક વધુ રહે છે. સૌથી મહત્વની વાત એ છે કે પહેલાં યુરોપ-અમેરિકાના વિકસિત દેશોમાં દુનિયાના સૌથી વધુ જાડા લોકો રહેતા હતા. છેલ્લાં ત્રીસ વર્ષમાં દુનિયામાં ઘણો બદલાવ આવ્યો છે અને એ મુજબ આજે સમગ્ર દુનિયાના ૬૨ ટકા જાડા લોકો ભારત અને ચીન જેવા વિકાસશીલ દેશોમાં વસે છે. આમ આજે આપણા દેશ પર ઓબેસિટીને કારણે કૅન્સરનું રિસ્ક ઘણું વધારે છે.’

ઇલાજમાં ફરક

જ્યારે વ્યક્તિનું વજન ખૂબ જ વધારે હોય અને તેને કૅન્સર હોય તો એની સાથે કયાં કૉમ્પ્લકેશન્સ આવી શકે છે એ સમજીએ ગાઇનેકોલૉજિકલ ઑન્કોલૉજી ડૉ. નિખિલ પર્વતે પાસેથી.

સર્જરી : એક ઓબીસ માણસની સર્જરી એક ખૂબ જ અઘરી, લાંબી ચાલતી અને ટેદ્યકનકલી ખૂબ કામ માગી લેતી સર્જરી છે. જ્યારે એક ઓબીસ માણસની કૅન્સર માટે સર્જરી કરવામાં આવે છે ત્યારે એ અંગ સુધી પહોંચવું સહેલું નથી હોતું અને એટલે ઘણો ભાગ ચીરવો પડે છે જેને લીધે લોહી ઘણું વહી જાય છે. આ સિવાય ઓબીસ લોકોના શરીરમાં સર્જરી દરમ્યાન કે સર્જરી પછી ક્લૉટ ફૉર્મેશન થવાનું રિસ્ક ખૂબ વધારે રહે છે. ક્લૉટને લીધે ડીપ બ્રેઇન થ્રોમ્બોસિસ જેવી ઘાતક અવસ્થા પણ સર્જી?ઈ શકે છે. એક ઓબીસ વ્યક્તિની સર્જરી પણ અતિ રિસ્કી સર્જરી ગણાય છે.

કીમોથેરપી : કીમોથેરપીમાં જે દવાઓ આપવામાં આવે છે એ પર મીટર સ્ક્વેરના હિસાબે આપવામાં આવે છે. સહજ છે કે ઓબીસ વ્યક્તિના શરીરનો વ્યાપ વધારે હોય છે એને લીધે તેને દવા વધારે આપવી પડે. કીમોનો ડોઝ વધશે તો જેટલો ડોઝ વધુ તકલીફો વધવાની જ છે. સાઇડ ઇફેક્ટ પર ઘણી નડે છે. એવું પણ બને કે કીમો ચાલુ કરો અને વ્યક્તિના શ્વાસમાં તકલીફ ઉદ્ભવે તો તેના જીવ પર આવી બને. આ દરમ્યાન તેને કાર્ડિએક અરેસ્ટ થઈ જાય અને તે તાત્કાલિક મૃત્યુ પામે. આ માટે જ આવા દરદીઓને કીમો નૉર્મલ ડે કૅરમાં અપાતો નથી, પરંતુ ત્યૂશમાં અપાય છે જેથી કોઈ તકલીફ શરૂ થાય તો એનો ઇલાજ તાત્કાલિક કરી શકાય.

ચેતજો, દૂધ સાથે આ પદાર્થો છે હાનિકારક કોમ્બિનેશન

દૂધ સાથે આમ તો કોઈપણ ખોરાક હિતાવહ નથી તેવું આયુર્વેદ કહે છે. દૂધને ભોજન સાથે, ભોજન પહેલા કે ભોજન બાદ નહી પણ ખાલી પેટે લેવું ઉત્તમ છે.

ચેતજો, દૂધ સાથે આ પદાર્થો છે હાનિકારક કોમ્બિનેશન દૂધ સાથે અન્ય ખાદ્ય પદાર્થ બની શકે છે તમારા આરોગ્ય માટે હાનિકારક. દૂધને આમ તો સંપૂર્ણ આહાર માનવામાં આવે છે. દૂધમાં રહેલા પોષક તત્વો અને તેનાથી થતા ફાયદાને લીધે ડૉક્ટરો પણ દૂધના પીવાની સલાહ આપતા હોય છે. જો કે ભોજનમાં જ્યારે દૂધ કે દૂધની ખીર, દૂધપાક, રબડી જેવી વાનગીઓ સાથે મરી-મસાલા, ડુંગળીવાળો ખોરાક ખાવામાં આવે તો ફૂડ પોઇઝનિંગ થવાની શક્યતા રહે છે.

એકસાથે દૂધનો ગ્લાસ ગટગટાવી જવાને બદલે ઘૂંટડે ઘૂંટડે પીવું હિતાવહ છે. આમ કરવાથી તેમાં પાચક રસો ભળે છે.

કેટલાક લોકો દૂધ સાથે બ્રેડ, બિસ્કીટ, ચોકલેટ વગેરે ખાતાં હોય છે તેમાં વાંધો નથી આવતો કેમ કે આ વસ્તુઓમાં સોલ્ટનું પ્રમાણ ખૂબ ઓછું હોય છે. જોકે લોટમાંથી બનતી બ્રેડ, પાઉં, પરોઠા, ભાખરીને દૂધ સાથે લેતાં હોજરીમાં ફર્મેન્ટેશન જેવી પ્રક્રિયા થાય છે. હવે જો ભોજનની સાથે જ જેમાં દૂધ પ્રવાહી સ્વરૂપે મોજૂદ હોય તેવી ખીર, દૂધપાક જેવી વાનગી લેવામાં આવે તો તાત્કાલિક અથવા લાંબે ગાળે રોગ થવાની શક્યતા રહેલી છે. કેટલાક વૈદરાજો ત્વચાના કોઢ અને ત્વચા પર દેખાતા ડાઘા જેવા રોગનું કારણ પણ વિરુદ્ધ આહારના નિયમિત સેવન હોઈ શકે છે. દુઃખદ બાબત એ છે કે તેમને શેની સાથે શું ખાવું અને શું ન ખાવું તે બાબતની પૂરતી સમજણ ન હોવાથી લોકો રોગનો ભોગ બનતા હોય છે.



દૂધને આમ તો સંપૂર્ણ આહાર માનવામાં આવે છે. દૂધમાં રહેલા પોષક તત્વો અને તેનાથી થતા ફાયદાને લીધે ડોક્ટરો પણ દૂધના પીવાની સલાહ આપતા હોય છે. જો કે ભોજનમાં જ્યારે દૂધ કે દૂધની ખીર, દૂધપાક, રબડી જેવી વાનગીઓ સાથે મરી-મસાલા, ડુંગળીવાળો ખોરાક ખાવામાં આવે તો ફૂડ પોઇઝનિંગ થવાની શક્યતા રહે છે

લગ્નમાં ન આરોગો દૂધ

લગ્નના ભોજનમાં જ્યારે આદુ-લસણ-ટામેટા-ડુંગળીની ગ્રેવીમાં બનાવેલા શાક અને દાળ હોય છે અને સાથે મિલ્કની વાનગી હોય છે ત્યારે લોકોએ તકેદારી રાખવી જરૂરી બની જાય છે. આવા સંજોગોમાં દુધની વાનગી છોડીને બાકીનું ભોજન કરવું હિતાવહ છે. ગંભીર સ્થિતિ ત્યારે સર્જાય છે જ્યારે મેનુમાં અનેક વ્યંજનોની સાથે દહીવડા તેમજ ખીર કે દૂધપાક રાખવામાં આવે છે .. સ્વાભાવિક છે કે દહી અને દૂધ પેટમાં જઈને પ્રતિક્રિયા કરશે. એગ, ફિશ અને મીટ જેવા નોનવેજ ફૂડ સાથે પણ દૂધનો ઉપયોગ ગંભીર સમસ્યાઓ સર્જી શકે છે.

પરંપરા છે અયોગ્ય

સૌરાષ્ટ્રની કેટલીક જ્ઞાતિઓમાં સાંજે દૂધ સાથે જમવાનો રિવાજ છે, એટલે કે સાંજે ભાખરી-શાક કે શાક- રોટલી-ખીચડી સાથે દૂધ લેવામાં આવે છે; જે યોગ્ય નથી. દૂધને સ્થાને છાશ લેવી વધારે યોગ્ય છે! સાથોસાથ એવું પણ જોવા મળે છે કે લાંબો સમય સુધી એક પ્રકારનું ભોજન ખાવાની શરીરને આદત પાડવામાં આવે તો નુકસાનકારક આડઅસર ઓછી થઈ જતી હોય છે.

મિલ્ક બેઝ ધરાવતી પંજાબી, કોન્ટિનેન્ટલ તેમજ બેક્ડ ડિશથી પણ દૂર રહેવું ઇચ્છનીય છે. શરીરને અનુકૂળ ના આવે, પાચન ન થાય થાય તેવા ખોરાકને લેતાં રહેવું એ પણ કેન્સરનું કારણ બને છે ઉપરાંત એજીંગ પ્રોસેસને ઝડપી કરે છે તેવો નિષ્ણાતોનો મત છે.

દૂધનું બટર કે ચીઝ બની જાય પછી તેને કોઈપણ પ્રકારે ખાવામાં વાંધો નથી આવતો. પનીર બાબતે પણ કેટલાક લોકો સાવચેતી વર્તતા હોય છે અને પનીરનું શાક ખાવાથી દૂર રહેતા હોય છે.

ફ્રૂટ શેઇક કે જેમાં જુદાજુદા ફળને દૂધ સાથે મિક્સ કરી આકર્ષક રીતે પીરસવામાં આવે છે અને સ્વાદિષ્ટ હોવાથી લોકો હોંશેહોંશે પીએ પણ છે. દૂધનું ફળ સાથે સંયોજન ઇચ્છનીય નથી, ફ્રુટ શેઇક પીવા કરતાં ફ્રુટ જ્યુસ પીવો સારો!

જિલ્લામાં બે નગરપાલિકા હદ વિસ્તારની ચૂંટણીને ધ્યાને રાખી હથિયારબંધી જાહેર કરાઇ

નડિયાદઃ-શનિવાર-રાજય ચૂંટણી આયોગ દ્વારા રાજયમાં મહાનગરપાલિકાઓ/નગરપાલિકાઓની પેટા ચૂંટણીઓ તા.૨૭-૦૧-૨૦૧૯ના રોજ યોજવાનું નિયત કરેલ છે. જે અન્વયે ખેડા જિલ્લામાં નડિયાદ નગરપાલિકાના વોર્ડ નં-૭ની ખાલી પડેલ એક બેઠક અને ઠાસરા નગરપાલિકાના વોર્ડ નં-૬ની ખાલી પડેલ એક બેઠકની પેટા ચૂંટણી આગામી તા.૨૭/૦૧/૨૦૧૯ના રોજ યોજાનાર છે. આ ચુંટણીની મત ગણતરી તા.૨૯/૦૧/૨૦૧૯ના રોજ યોજાશે. ત્યાર બાદ ચૂંટણી પ્રક્રિયા સંપન્ન થશે. ખેડા જિલ્લામાં આ ચૂંટણીના સરળ અને સફળ સંચાલન માટે તેમજ ચૂંટણીના કાર્યક્રમ દરમ્યાન જાહેર સુલેહ શાંતિ અને સલામતિને હાનિ ન પહોંચે અને લોકોમાં સંવાદિતા યથાવત જળવાઇ રહે તે હેતુસર સાવચેતીના ભાગરૂપે આગોતરા પગલાં ભરી, ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની આવશ્યક કાર્યવાહી કરવાની હોવાથી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, રમેશ મેરજા, નડિયાદએ તેઓને મળેલ સત્તાની રૂએ ખેડા જિલ્લામાં નડિયાદ નગરપાલિકા હદ વિસ્તાર તેમજ ઠાસરા નગરપાલિકા હદ વિસ્તારમાં તા.૧૬/૦૧/૨૦૧૯૬ થી તા.૨૯/૦૧/૨૦૧૯ સુધી (બન્ને દિવસો સુધ્ધાંત) નીચે જણાવેલ કૃત્યો કરવા મનાઇ ફરમાવેલ છે.

(૧) હથિયાર, તલવાર, ભાલા, ધોકા, છરા, લાકડી કે લાઠી સળગતી મશાલ, લાકડાની હોકી અથવા બીજા હથિયારો કે જેનાથી શારીરિક ઇજા કરી શકાય તે સાથે રાખી ફરવા પર, (૨) કોઇપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવા પર, (૩) મનુષ્ય અથવા શબ તેમજ પુતળા દેખાડવા પર, (૪) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઇરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પુકારવાનું અથવા અશ્લિલ ગીતો ગાવા પર, (૫) જેનાથી રૂતી અથવા નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાનું તથા તેવા ચિત્રો પ્રતિકો કે પ્લે કાર્ડો અથવા બીજા કોઇપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાનું અથવા ફેલાવો કરવાનું, રાજયની સલામતી જોખમાતી હોય તેવા છટાદાર ભાષણો આપવાનું, ચાળા પાડવાનું, નકલ કરવા પર પ્રતિબંધ ફરમાવાયો છે.

અપવાદરૂપે (૧) આ હુકમ ફરજ પરના સરકારી નોકર કે કામ કરતી કોઇપણ વ્યકિત કે જેના ઉપરી અધિકારીએ આવું કોઇપણ હથીયાર સાથે લઇ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઇ પણ હથીયાર લઇ જવાની જેની ફરજ હોય. (૨) જિલ્લા મેજીસ્ટ્રેટ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, એક્ઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, જિલ્લા પોલીસ અધિક્ષક કે તેમણે અધિકૃત કરેલ પોલીસ અધિકારીએ શારીરિક અશક્તિને કારણે લાકડી કે લાઠી લઇ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને લાગુ પડશે નહીં. આ હુકમનો ભંગ અથવા ઉલ્લઘન કરનાર મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫(૧) અને ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે તેમ જિલ્લા મેજીસ્ટ્રેટ ખેડા-નડિયાદના એક જાહેરનામાં દ્વારા જણાવાયું છે.

નડિયાદ ખાતે જિલ્લા સંકલન સમિતિની બેઠક મળી

પદાધિકારીઓના પ્રશ્નોના જવાબો નિયત સમય મર્યાદામાં આપવા અનુરોધ કરતા જિલ્લા કલેક્ટર સુધીર પટેલ

ચૂંટણીલક્ષી કામગીરી નિયત સમય મર્યાદામાં અને ક્ષતિરહિત થાય તે જોવા જિલ્લા કલેકટરએ માર્ગદર્શન આપ્યું

નડિયાદઃ નડિયાદ ખાતે કલેક્ટર સુધીર પટેલની અધ્યક્ષતામાં જિલ્લા સંકલન અને ફરીયાદ સમિતિની બેઠક મળી હતી.

આ બેઠકમાં મહુધાના ધારાસભ્ય ઇન્દ્રજીતસિંહજી, કપડવંજના ધારાસભ્ય કાળુસિંહ અને મહેમદાવાદના ધારાસભ્ય અર્જૂનસિંહ દ્વારા રજૂ કરવામાં આવેલા વિવિધ લોક પ્રશ્નોનો હકારાત્મક ઉકેલ કરવામાં આવ્યો હતો. કલેક્ટર સુધીર પટેલે પ્રારંભમાં સૌને આવકારી જણાવ્યું હતું કે, જિલ્લાના પદધિકારીઓ દ્વારા પુછાયેલા પ્રશ્નોના જવાબો નિયત સમય મર્યાદામાં આપવામાં આવે તથા તેની જાણ અત્રેની કચેરીને કરવામાં આવી તે હિતાવહ છે. કલેક્ટરએ ધારાસભ્યઓ સહિત પદાધિકારીઓ દ્વારા રજૂ કરવામાં આવતા પ્રશ્નોનો સમયબધ્ધમાં ઉકેલ કરવા સંબધિત વિભાગોના અધિકારીઓને સૂચનાઓ આપી હતી.

કલેક્ટરએ જણાવ્યું કે, ખેડા જિલ્લાની પ્રજાની સુખાકારી માટેના કામો વહેલી તકે, નિયત સમય મર્યાદમાં અને પારદર્શક રીતે થાય તે જોવાની આપણા સૌની ફરજ છે. શ્રી પટેલે અધિકારીઓને માનવીય સંવેદનાઓ સાથે કામ કરી છેવાડાના માનવીના પ્રશ્નો હલ કરવા અનુરોધ કર્યો હતો.

કલેક્ટરએ આગામી સમયમાં યોજાનાર લોકસભાની ચૂંટણીની કામગીરી નિયત સમય મર્યાદામાં અને ક્ષતિરહિત થાય તે અંગે માર્ગદર્શન પુરું પાડયું હતું. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી ડી.એન.મોદી સહિત અમલીકરણ અધિકારીઓ હાજર રહયા હતા.

સાગબારા-ડેડીયાપાડા નેશનલ હાઈવે પર કાર પલ્ટી મારીઃ ૩ નો આબાદ બચાવ



રાજપીપળા :સાગબારા-ડેડીયાપાડા નેશનલ હાઈવે નંબર ૩૫૩-બી પર ગંગાપુર પાસેના વળાંકમાં સામેથી આવતા વાહનથી બચવા કાર બાજુમાં ઉતારી દેવાતા કાર પલ્ટી મારી ગઈ હતી.આ અકસ્માતમાં કારમાં સવાર ૩ વ્યક્તિઓનો આબાદ બચાવ થયો હતો.

મહારાષ્ટ્રના નંદુરબારથી MH-39-J-3808નો કાર ચાલક પોતાના પરિવાર સાથે જરૂરી કામ અર્થે ગુજરાતના આણંદ જવા નીકળ્યો હતો.ત્યારે લગભગ બે થી ત્રણ વાગ્યાની આસપાસ સાગબારા-ડેડીયાપાડા નેશનલ હાઈવે નંબર ૩૫૩ બી પર ગંગાપુર પાસેના વળાંક પાસે સામેથી આવતા વાહનથી કાર ચાલકે બચવાની કોશીસ કરી હતી.એ કોશિશમાં એ પોતાની કાર રોડની બાજુએ ઉતારવા ગયો દરમિયાન કાર અચાનક પલ્ટી મારી ગઈ હતી.ગંગાપુર ગ્રામજનોને આ ઘટનાની જાણ થતાં જ તેઓ ઘટનાસ્થળે આવી જઈ કારણે મહામુસીબતે ખાડામાંથી બહાર કાઢી હતી. આ અકસ્માતમાં પરિવારના ત્રણ સભ્યોનો આબાદ બચાવ થવા પામ્યો હતો જોકે કારણે ઘણું નુકશાન થયું હતું.

ઉત્તર પ્રદેશમાં રખડતી ગાયોની સંભાળવાનો 'બોજો' દારૂડિયાઓ પર!

વિદેશી દારૂ પર વિશેષ વેરો નાંખવાનો નિર્ણય કેબિનેટમાં લેવામાં આવ્યો હતો

લખનૌ

ઉત્તર પ્રદેશની યોગી સરકારે રખડતી ગાયોની સારસંભાળ માટે જે ખર્ચ થાય છે તે માટે પૈસા ઉભા કરવા માટે વિદેશી દારૂનાં વેચારણ વિશેષ વેરા નાંખ્યો છે. યોગી સરકાર જ્યારથી સત્તા પર આવી છે ત્યારથી ગાયોને વિશેષ મહત્વ આપવામાં આવી રહ્યું છે અને રખડતી ગાયો માટે પણ વિશેષ વ્યવસ્થાઓ કરવામાંઆવી રહીછે.

વિદેશી દારૂ પર વિશેષ વેરો નાંખવાનો નિર્ણય કેબિનેટમાં લેવામાં આવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, રાજસ્થાનની કોંગ્રેસ સરકારે પણ ગાયોનાં રક્ષણ માટે ફંડ ઉભુ કરવા માટે વિદેશી દારૂ પર ૨૦ ટકા વિશેષ વેરો નાંખ્યો હતો.

ઉત્તર પ્રદેશનાં પ્રવક્તા અને ઉર્જા મંત્રી શ્રીકાંત શર્માએ જણાવ્યું કે, સરકાર દારૂ પર વેરો નાંખીને વધારાની ૧૫૦ કરોડની આવક મેળવશે. બિયરની દરેક દરેક બોટલ પર ૨ રૂપિયા વધારાનાં લેવામાં આવશે. બારમાં જો આ બોટલ પીવામાં આવશે તો વધારાનાં દસ રૂપિયા વસૂલવામાં આવશે. આ અગાઉ, ૩ જાન્યુઆરીનાં રોજ સરકારે રખડતી ગાયોનો પ્રશ્ન હલ કરવા માટે ગૌશાળાઓ ચાલુ કરવાનો નિર્ણય લીધો હતો. આ પહેલા, ગાયોનું કલ્યાણ થાય તે માટે ઉત્તર પ્રદેશ સરકાર નાગરિકો પાસેથી ૨ ટકા ગાય વેરો લેશે. સરકારની કેબિનેટે આ વેરો લેવા માટેની મંજૂરી આપી દીધી હતો .

સરકારનો ઉદ્દેશ્ય એવો છે કે, આ વેરામાંથી દરેક જિલ્લામાં, ગ્રામ પંચાયતોમાં અને મ્યુનિસિપલ કોર્પોરેશનોમાં ગૌશાળા બનાવવામાં આવશે. મનરેગા હેઠળ રૂપિયા ૧૦૦ કરોડ સરકારે ફાળવ્યા છે.

મુંબઈમાં ડાન્સબાર ચાલુ નહીં થાય, વટહુકમ બહાર પાડીશુંઃ ફડણવીસ સરકાર

મુંબઇ

મહારાષ્ટ્રમાં ડાન્સબાર ફરી શરૂ કરવાનો માર્ગ મોકળો કરતા સુપ્રીમ કોર્ટના ગુરુવારના ચુકાદા બાદ ભાજપના નેતૃત્વ હેઠળની રાજય સરકાર ડાન્સબારને ફરી શરૂ થતા અટકાવવા માટે વટહુકમ બહાર પાડવાનો વિચાર કરી રહી છે. ડાન્સબાર પર નિયમન હોવું જોઇએ, નહીં કે સંપૂર્ણ પ્રતિબંધ, એમ જણાવતા સુપ્રીમ કોર્ટે ગુરુવારે ડાન્સબાર શરૂ કરવા માટે લાઇસન્સ ન આપવા પર મૂકેલા પ્રતિબંધ સંબંધિત ૨૦૧૬ના કાયદાની અમુક જોગવાઇએ રદ કરી હતી.

રાજયની સંસ્કૃતિ જાળવી રાખવા માટે ડાન્સબારને શરૂ થતા અટકાવવા માટે સરકાર વટહુકમ બહાર પાડવા અંગે વિચારી રહી છે, એમ આયોજન અને નાણાં પ્રધાન સુધીર મુનગંટીવારે શુક્રવારે જણાવ્યું હતું.

રાજય સરકાર સર્વોચ્ચ અદાલતના ચુકાદાને માન આપે છે, પરંતુ તેની સાથે રાજયમાં ડાન્સબાર ફરી ચાલુ થવા નહીં દેવાય એવું વલણ પણ ધરાવે છે. આગામી અઠવાડિયે કેબિનેટની સામાહિક બેઠકમાં આ અંગે ચર્ચા કરવામાં આવશે, એમ તેમણે વધુમાં જણાવ્યું હતું.

'લોકોના હિત માટે અને રાજયની સંસ્કૃતિના સંરક્ષણ માટે ડાન્સબારને શરૂ થતા અટકાવવા માટે અમે વટહુકમ બહાર પાડતા પણ અચકાશું નહીં', એમ જણાવતા તેમણે ઉમેર્યું હતું કે કોર્ટનો લેખિત આદેશ મળ્યા બાદ અમારા વકીલો તેનો અભ્યાસ કરશે તથા તેમની દરખાસ્તોને આધારે કાયદામાં ફેરફાર કરી તેને વધુ કડક બનાવીને આગામી બે અઠવાડિયામાં વટહુકમ બહાર પાડવામાં આવશે.

યોગીરાજ અવધૂત શ્રી સંતરામ મહારાજના ૧૮૮માં સમાધિ મહોત્સવમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું

નડિયાદઃ સુપ્રસિધ્ધ શ્રી સંતરામ મંદિર, નડિયાદ ખાતે યોગીરાજ અવધૂત શ્રી સંતરામ મહારાજનો ૧૮૮માં સમાધિ મહોત્સવ મહાસુદ પુનમ તા.૧૯-૦૨-૧૯ને મંગળવારના રોજ સાંજે ૬.૦૦ કલાકે દિવ્ય આરતી દર્શન અને સાકર વર્ષાનું આયોજન કરવામાં આવેલ છે. જેની રૂપરેખા પ્રાતઃસ્મરણીય પ.પૂ શ્રી રામદાસ મહારાજે આપી હતી.

તા.૧૭ મી જાન્યુઆરી થી તા.૨૩મી જાન્યુઆરી ૨૦૧૯ સુધી ના રોજ સાંજે ૫.૦૦ થી ૭.૦૦ કલાકે સભા મંડપ, સંતરામ મંદિર, નડિયાદ ખાતે વકતા શ્રી સ્વામિ ઉત્તમાનંદ સરસ્વતીના કંઠે શ્રીમદ્ ભગવદ્ ગીતા પ્રવચન સત્ર (અધ્યાય પહેલો અને બીજો) યોજાશે. તા.૨૪ જાન્યુઆરી થી તા.૩૧ જાન્યુઆરી સુધી સવારે ૯/૦૦ થી ૧૨/૦૦ કલાક તથા સાંજે ૩/૦૦ થી ૬/૦૦ કલાકે સભા મંડપ, શ્રી સંતરામ મંદિર, નડિયાદ ખાતે વિપ્રવૃંદ દ્વારા શ્રી ચર્તુવેદ પારાયણ યોજાશે. તા.૦૧/૦૨/૨૦૧૯ને શુક્રવારે સવારે ૧૦/૦૦ કલાકે નગર શોભાયાત્રા યોજાશે, જે નગર નડિયાદના માર્ગો ઉપર ફરી પરત શ્રી સંતરામ મંદિર ખાતે આવશે. તા.૦૨/૦૨/૨૦૧૯ના રોજ સાંજે ૪/૦૦ કલાકે શ્રી મોરારીબાપુ (મહુવા)ના કંઠે યોજાનાર શ્રી રામકથાનો પ્રારંભ થશે. આ કથા તા.૧૦/૦૨/૨૦૧૯ સુધી રોજ સવારે ૯/૩૦ થી ૧/૦૦ કલાક દરમ્યાન સેવા ધર્મ તીર્થ, શ્રી સંતરામ મંદિર, નડિયાદ ખાતે યોજાશે. તા.૦૮/૦૨/૨૦૧૯ થી તા.૧૦/૦૨/૨૦૧૯ સુધી સવારે ૫/૦૦ કલાક થી ૭/૦૦ કલાક દરમ્યાન સેવા ધર્મ તીર્થ, શ્રી સંતરામ મંદિર, નડિયાદ ખાતે યોગગુરૂ શ્રી બાબા રામદેવજીની યોગ શિબિરનું આયોજન કરવામાં આવેલ છે. તા.૧૦/૦૨/૨૦૧૯ થી તા.૧૮/૦૨/૨૦૧૯ સુધી સવારે ૯/૩૦ થી ૧૧/૩૦ અને સાંજે ૪/૩૦ થી ૬/૩૦ સુધી સમાધિ ચોક, નડિયાદ ખાતે અષ્ટોતર શત રામાયણ નવ્હાન પરાયણ (હોમાત્મક), તા.૪/૨/૨૦૧૯ થી તા.૭/૨/૨૦૧૯ સુધી રાત્રે ૮/૦૦ થી ૧૦/૩૦ સુધી શ્રી સત્યદાસજી મહારાજ તથા શ્રી પ્રણવ સાગર દ્વારા સેવા ધર્મ તીર્થ ખાતે શ્રી સંતરામ ગાથાનું આયોજન કરવામાં આવેલ છે. તા.૨જી ફેબ્રુઆરીએ સાંજ ૮/૦૦ કલાકે શ્રી સંતરામ પદ આસ્વાદ, તા.૩ થી ૭ ફેબ્રુઆરી દરમ્યાન સાંજે ૫/૦૦ થી ૬/૦૦ કલાક દરમ્યાન શ્રી જીતેન્દ્ર દવે દ્વારા યોગેશ્વરવર શ્રી કૃષ્ણ પ્રવચન માળા, તા.૮ અને ૯ ફેબ્રુઆરીના રોજ શ્રી અતુલ પુરોહિતના સ્વરે શ્રી સંતરામ પદ ગરબા-ભજન સંધ્યા અને તા. ૩જી ફેબ્રુઆરીએ રાત્રે ૮/૦૦ કલાકે શ્રી નિર્મલદાન ગઢવીના સ્વરે લોકડાયરાનું આયોજન કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાએ લાભ લેવા શ્રી સંતરામ મંદિર તરફથી જાહેર આમંત્રણ આપવામાં આવેલ છે.

બાઈક સવાર પુરુષના ગળામાંથી ચેઈન તૂટી

સુરત

આધેડ વયના મોટર સાઈકલ સવારના ગળામાંથી રૂપિયા ૫૫ હજારની કિંમતની સોનાની ચેઈનની લૂંટ થઈ હતી.

ત્રણ અજાણ્યા મોટર સાઈકલ સવાર વિરુદ્ધ પાંડેસરા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. આ બનાવ સંદર્ભે વિજયકુમાર જયકિશનદાસ ટાલિયા (ઉ.વ. ૬૦)એ ફરિયાદ આપી હતી. આ બનાવ પાંડેસરા પ્રમુખ પાર્ક તરફ જતા રોડ ઉપર બન્યો હતો. પાંડેસરા પોલીસ મથકના સબ ઈન્સ્પેક્ટર ગોહિલે ફરિયાદના આધારે તપાસ હાથ ધરી છે.









વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૧૯ ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સમાં સૌર ઉર્જાની જરૂરિયાતો પર પરિસંવાદ યોજાયો

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૧૯ની નવમી શૃંખલામાં આજે ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સ ફોરમ અંગે યોજાયેલ પરિસંવાદમાં વૈશ્વિક સૌર ઉર્જાની જરૂરિયાતો ઉપર રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય તજજ્ઞો, બિઝનેશ લીડર્સ અને તજજ્ઞ રાજનીતિજ્ઞોએ વિચાર વિમર્શ કર્યો હતો.

આ પરિસંવાદમાં નવા સંશોધનો તેમજ તે અન્વયે થનારા રોકાણો અને સંબંધિત રાષ્ટ્રોની આ સંદર્ભમાં જરૂરિયાત અંગે ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સ માટે દુનિયાભરમાં ૧૦૦૦ ગીગાવોટની સોલાર જનરેશન કેપેસિટી માટે વર્ષ-૨૦૩૦ સુધીમાં સોલાર એનર્જીમાં રૂ. એક લાખ કરોડ ડોલરનું મૂડીરોકાણ મેળવવામાં આવશે.

ઉર્જા મંત્રી સૌરભભાઈ પટેલે જણાવ્યું કે, સોલાર એનર્જી ક્ષેત્રે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનું સ્વપ્ન પુરૂ કરવા ગુજરાતે પહેલ કરી છે. ભારત સરકારના વર્ષ-૨૦૨૨ સુધીમાં ૧૭૫ ગીગાવોટ પુનઃપ્રાપ્ય ઉર્જા ઉત્પાદનના લક્ષ્યાંકને પૂર્ણ કરવા ગુજરાત સરકારના આયોજનની વિગતો આપતાં તેમણે ઉમેર્યું હતું કે, પુનઃપ્રાપ્ય ઉર્જા ઉત્પાદન માટે ગુજરાતે વિન્ડ સોલાર હાઈબ્રિડ પાર્ક સ્થાપવા અંગેની પોલિસી-૨૦૧૮ તૈયાર કરી છે. આ હાઈબ્રિડ પાર્કમાં ૧૦ વર્ષમાં ૩૦ હજાર મે.વો. પુનઃપ્રાપ્ય ઉર્જા ઉત્પાદન કરવાનો રાજ્ય સરકારનો નિર્ધાર છે.

ઉર્જા મંત્રી એ જણાવ્યું કે, રાજ્યની હાલની કુલ સ્થાપિત વીજ ક્ષમતામાં પુનઃપ્રાપ્ય ઉર્જાનો હિસ્સો ૭૬૪૫ મે.વો. એટલે કે ૨૮ ટકા કે જે વર્ષ-૨૦૨૨ સુધીમાં વધારીને ૨૨૯૨૨ મે.વો. એટલે કે ૫૩ ટકા સાથે બમણો કરવાનો લક્ષ્યાંક છે.

તેમણે ઉમેર્યું કે, રાજ્યમાં આગામી ત્રણ વર્ષમાં ૧૫ હજાર મે.વો. પુનઃપ્રાપ્ય ઉર્જા ઉત્પાદિત કરવા માટે રાજ્ય સરકારે આયોજન કર્યું છે. રાજ્યમાં પસંદ કરાયેલા ૫૦ સબ સ્ટેશનોની આસપાસની જમીનોમાં સૌર ઉર્જાના પ્લાન્ટ દ્વારા ૩૦૦૦ મે.વોટ સૌર ઉર્જા ઉત્પાદિત કરાશે, એટલું જ નહી સ્મોલ સ્કેલ ડીસ્ટ્રીબ્યુટર સોલાર પ્રોજેક્ટ હેઠળ કોઈ પણ વ્યક્તિ,પેઢી, સહકારી મંડળી અડધા મે.વોટથી ૪ મે.વો. સૌર ઉર્જા ઉત્પાદિત કરે તો તેને ખરીદવા સરકાર ૨૫ વર્ષનો કરાર કરશે. જેના દ્વારા ૨૦૦૦ મે.વો. સૌર ઉર્જા ઉત્પાદનનો અંદાજ છે તેમ તેમણે ઉમેર્યું હતું.

પટેલે જણાવ્યું કે, રાજ્યમાં સૂર્ય શક્તિ કિશાન યોજના (SKY) અમલી બનાવવામાં આવી છે. હાલમાં ૫૦ ફિડર પાયલોટ પ્રોજેક્ટ તરીકે કાર્યરત કરવામાં આવ્યા છે. જેને પરિણામે ખેડૂતોને વીજ બિલ ભરવામાંથી મુક્તિ મળવા સાથે દર વર્ષે અંદાજે રૂ. ૧૫,૦૦૦/-જેટલી વધારાની આવક થશે. આ યોજનામાં રાજ્યના ખેડૂતો મહતમ રીતે જોડાઈ રહ્યાં છે.

અમેરિકાના ઈકોનોમિક એન્ડ સોશિયલ કમિશન ફોર એશિયા એન્ડ પેસિફિકના એક્ઝિક્યુટિવ સેક્રેટરી શ્રીમતી અરમિંદા સાલ્શીસાહ, અલીસઝાહ બાનાએ તેમના મનનીય વિચારો વ્યક્ત કર્યા હતા. આ પ્રસંગે ન્યુ એન્ડ રીન્યુએબલ મંત્રાલયના સચિવ શ્રી આનંદકુમાર, વિવિધ દેશોના રાજદૂતો અને ઓસ્ટ્રેલિયા, નાઈજીરીયા, ટ્યુનેશિયા, યુ.એ.ઈ., યુગાન્ડા અને કોમન વેલ્થના પ્રતિનિધિઓએ પરિસંવાદમાં પોતાના વિચારો રજૂ કર્યા હતા. આ તજજ્ઞોએ સૌર ઉર્જા ક્ષેત્રે સશક્તિકરણ સંદર્ભે દેશનો દ્રષ્ટિકોણ, ઉર્જા વહનના ભાવિ આયોજન સંબંધિત રાષ્ટ્રોની ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સ પાસે અપેક્ષા તથા સૌર ઉર્જા ક્ષેત્રે વિવિધ રાષ્ટ્રોની આવશ્યકતા સંદર્ભે વિશાળ પરિપ્રેક્ષ્યમાં મહત્વપૂર્ણ પાસાઓની ચર્ચાઓ કરી હતી.

સૌર ઉર્જા ક્ષેત્રે ઉપલબ્ધતાનો નિર્દેશ કરતાં ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સના આઈ.ડી.જી. ઉપેન્દ્ર ત્રિપાઠીએ કહ્યું હતું કે, આઈ.એસ.એ. દ્વારા સમગ્ર વિશ્વના દેશોને એકબીજાની નજીક લાવવાના સઘન પ્રયાસો થઈ રહ્યાં છે અને તેમના રાષ્ટ્રોમાં ઉર્જા ઉત્પન્ન કરવાની ક્ષમતા અને સૌર ઉર્જા ક્ષેત્રે રોકાણની શક્યતાઓ સંદર્ભે મહત્વપૂર્ણ કાર્ય થઈ રહ્યું છે. આને પરિણામે સંબંધિત રાષ્ટ્રોમાં સમગ્રતયા વિકાસ અને ક્લિન એનર્જી ક્ષેત્રે બેવડા લાભ મળશે. સૌર ઉર્જા ક્ષેત્રે ઉપલબ્ધ તકો સંદર્ભે ભારત સરકાર અને ગુજરાત સરકાર નિષ્ઠાપૂર્વક સાતત્યપૂર્ણ કામગીરી કરી રહી છે તેમ તેમણે ઉમેર્યું હતું.

વાયબ્રન્ટ ગુજરાત એક એવું એદભૂત પ્લેટફોર્મ છે કે જયાંથી સ્વચ્છ, સાતત્યપૂર્ણ સૌર ઉર્જાના ઉજજવળ ભવિષ્યનો સંદેશ આપે છે.

ભારતના દીર્ઘદ્રષ્ટા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના વિચાર બીજ સમી સમિટ દ્વારા વૈશ્વિક સોશિયલ ઈકોનોમિક ડેવલપમેન્ટ માટે ગહન ચિંતનનો મંત્ર બની છે. તેમની આ વિચારધારાના પરિણામ સ્વરૂપે નોલેજ શેરિંગ અને વિવિધ રાષ્ટ્રોની સહભાગિતાને પ્રોત્સાહન મળ્યુ છે.

ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સનું વિઝન અને મિશનનું તેમના સભ્ય રાષ્ટ્રોને સૌર ઉર્જાના ઉપયોગ અને તેની ઉત્પાદન જરૂરિયાતને પહોંચી વળવાના સંદર્ભમાં સલામત ઉપયોગી અને કિફાયતી રીતે સૌર ઉર્જા કાયમી ધોરણે ઉપયોગી થાય તે પ્રકારનું રહ્યું છે.

ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સ એ સૌર ઉર્જા આધારિત ૧૨૧ દેશોનું સહયોગી સંગઠન છે. વર્ષ-૨૦૧૫માં ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને ફ્રાન્સના પૂર્વ રાષ્ટ્રપતિ ઓલાંદેએ પેરિસમાં ઈન્ટરનેશનલ એલાયન્સની રચના કરી હતી. જેને વિશ્વમાં સોલાર એનર્જી સેક્ટરમાં ભારત અને ફ્રાન્સની મોટી પહેલરૂપ ગણવામાં આવે છે.

ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સ કર્ક અને મકર રેખાની વચ્ચે આવનાર દેશોનું સમૂહ છે. આ દેશોમાં આખા વર્ષ દરમિયાન સૂર્ય પ્રકાશ અર્થાત કે તડકો રહે છે. આ બધા દેશો સૌર ઉર્જાના ક્ષેત્રે ભેગા મળી કામ કરી રહ્યાં છે.

ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સ બહેતર અને સસ્તી સોલાર ટેકનોલોજી ઉપલબ્ધ થાય સોલાર ઉર્જાની જરૂરિયાત વધારવા સોલાર પ્રોજેક્ટ માટે નાણાની વ્યવસ્થા, સોલાર ટેકનોલોજી મિશન સહિત આઈ.એસ.એ.ને મજબૂત કરીને ગતિશીલ બનાવવા માટે કામ કરી રહ્યું છે. એલાયન્સમાં સામેલ તમામ દેશોને સસ્તી, ક્લિન અને રિન્યુએબલ એનર્જી ઉપલબ્ધ કરાવવાની સાથે ગ્રીન, ક્લિન અને સતત ઉર્જાને સુનિશ્ચિત કરવાનું છે.

રાજય સરકારના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના અધિક મુખ્ય સચિવ રાજગોપાલે ઉપસ્થિત સૌનો આભાર વ્યક્ત કરતાં ગુજરાતના વાયબ્રન્ટ વિકાસ વિશે પ્રકાશ પાડતાં કહ્યું કે, રિન્યુએબલ એનર્જી એટ્રેક્ટિવ ઈન્ડેક્ષ-૨૦૧૭ મુજબ વિશ્વમાં ભારત બીજા ક્રમે છે, વર્ષ ૨૦૨૨ સુધીમાં ભારત સમગ્ર વિશ્વમાં પુનઃપ્રાપ્ય ઊર્જાના ઉત્પાદનમાં ત્રીજુ સ્થાન પ્રાપ્ત કરશે. સમગ્ર ભારતમાં પુનઃપ્રાપ્ય ઊર્જાના ઉત્પાદનમાં ગુજરાત ૧૨ ટકા જેટલું યોગદાન આપે છે, જે ખૂબ જ પ્રસંશનીય અને કાબીલે તારીફ છે. ગૌરવની વાત તો એ છે કે, પવન ઊર્જાના ઉત્પાદનમાં ભારતભરમાં ગુજરાત બીજા સ્થાને છે તેમજ ભારતમાં થતાં કુલ સૌરઊર્જાના ઉત્પાદનમાં આઠ ટકા હિસ્સો ધરાવે છે. પુનઃપ્રાપ્ય ઊર્જાના ઉત્પાદન માટે ગુજરાત અંદાજિત ૧૦૦ ગીગા વોટની ક્ષમતા ધરાવે છે.

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની ફલશ્રુતિ વર્ણવતાં તેમણે જણાવ્યું કે, વર્ષ ૨૦૦૩માં પ્રથમ વાયબ્રન્ટ ગુજરાત સમિટનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારથી લઈને અત્યાર સુધીમાં ઊર્જા ક્ષેત્રે ગુજરાતમાં ૧૦૦થી વધુ મોટા રોકાણો થયા છે, જેમાં કુલ રૂા.૪૦,૦૦૦ કરોડનું રોકાણ થયું છે.

આ ઉપરાંત રાજગોપાલે ગુજરાતના ઊર્જા ક્ષેત્રના વિકાસની રસપ્રદ માહિતી પૂરી પાડતાં કહ્યું કે, પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષેત્રમાં નોંધપાત્ર પ્રોજેક્ટ સ્થાપીને ગુજરાત હંમેશા અગ્રેસર રહયું છે. ગુજરાતે પાટણ જિલ્લાના ચારણકામાં પ્રથમવાર બહુમુખી સુવિધા ધરાવતો ૬૦૦ મે.વો. અલ્ટ્રા મેગા સોલાર પાર્ક, ગાંધીનગરમાં ગ્રીડ કનેકટેડ પ્રોજેક્ટ તેમજ વડોદરામાં કેનાલ પર સોલાર પ્રોજેક્ટ સ્થાપવામાં આવ્યો છે.

ગુજરાત સરકારે ધોલેરા ઓસઆઈઆરમાં ૫૦૦૦ મે.વો.નો અલ્ટ્રા મેગા સોલાર પાર્ક સ્થાપવાની જાહેરાત કરી છે, જે દરિયા કિનારાની ખારાશવાળી જમીનમાં સ્થાપવામાં આવશે. જેમાં જીયુવીએનએલ દ્વારા પ્રથમ ૧૦૦૦ મે.વો.ની ક્ષમતા ધરાવતા પ્રોજેક્ટ સ્થાપવાની દરખાસ્ત કરવામાં આવનાર છે. ભારતનો સૌપ્રથમ ૧૦૦૦ મે.વો. પવન ઊર્જા ઉત્પાદનની ક્ષમતા ધરાવતો પ્રોજેક્ટ ગુજરાતના દરિયા કિનારે આવેલા ખંભાતના અખાતમાં સ્થાપવા દેશના જાણીતા રોકાણકારોએ પણ રસ દાખવ્યો છે.

આ કન્ટ્રી સેમિનારમાં ઓસ્ટ્રેલિયાના ભારત ખાતેના હાઈ કમિશનર હરિન્દ્ર કૌર સિંધુએ ભારતમાં પવન ઊર્જા ઉત્પાદન માટેના ખર્ચ પર પોતાનો દ્રષ્ટિકોણ રજૂ કર્યો હતો.













બુડીયામાં જમીન અંગે તકરાર થતા લોખંડની પાઈપથી હુમલો

બે સગા ભાઈઓએ એક યુવકને ફટકાર્યો

સુરત

બુડીયા ગામ ખાતે જમીન બાબતે બોલાચાલી થતા એક યુવક પર લોખંડના પાઈપ વડે હુમલો કરી બુડીયા ગામના બે ભાઈઓ ફરાર થઈ ગયા હતા. સચીન જીઆઈડીસી પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ચોર્યાસી તાલુકાના બુડીયા ગામના વતની કૌશિકભાઈ ધીરૂભાઈ પટેલ અને તેમના ભાઈ નયન ગતરોજ સવારે નવેક વાગ્યાના સુમારે બુડીયા ગામની હાઈસ્કૂલ પાસેથી પસાર થતો હતો. આ દરમ્યાન કલ્પેશ ઈશ્વરભાઈ પટેલ તથા ચિંતલ ઈશ્વરભાઈ પટેલ તેમના દાદા સાથે જમીન બાબતે ઝઘડો કરી ગાળા ગાળી કરતા હતા. તેઓને ગાળા ગાળી કરવાની ના પાડતા બે સગા ભાઈઓ લોખંડના પાઈપ વડે હુમલો કરી શરીરના ભાગે ઈજાઓ પહોંચાડી ફરાર થઈ ગયા હતા. ઈજાગ્રસ્ત યુવકને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.



સુરત મહાનગરપાલિકા દ્વારા લીંબાયતના મારુતિનગર ખાતે જાહેર ફુટપાથ ઉપર દબાણ કરનારા ફેરિયાઓનો માલ સામાન જપ્ત કરી નીલગીરી સુધીના વિસ્તાર પરથી દબાણો ખસેડી લેવામાં આવ્યા હતા.

કેવડીયામાં હરિયાણા ભવનનો વિરોધઃ ગ્રામજનો અને પોલીસ વચ્ચે ઘર્ષણ

રાજપીપળાઃ નર્મદા જિલ્લાના કેવડિયા ખાતે દુનિયાની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી નિર્માણ પામી છે.ત્યારથી સ્થાનિક આગેવાનો વિરોધ કરતા આવ્યા છે.હાલ સરકાર કેવડિયા ગામની જમીન પર હરિયાણા ભવન બનવવા જઈ રહી છે.જેનું શનિવારે હરિયાણાના મુખ્યમંત્રી મનોહરલાલ ખટ્ટર ખાતમુહૂર્ત પણ કર્યું હતું.હવે ખાતમુહૂર્ત પેહલા જ જમીન માપણી માટે આવેલા અધિકારીઓને ગ્રામજનોના રોષનો ભોગ બનવું પડ્યું હતું.શનિવારે મનોહરલાલ ખટ્ટર કેવડિયા ખાતે ખાતમુહૂર્ત કરવાના હતા એ દરમિયાન વિરોધ ન થાય એ માટે કેવડીયામાં પોલીસનો કાફલો ખડકી દેવાયો હતો.

મનોહરલાલ ખટ્ટર કેવડિયા લીમડી હેલિપેડ પરથી સીધા જ હરિયાણા ભવનના ખાતમુહૂર્ત માટે પહોંચ્યા હતા.ગ્રામજનો પોતાની રજુઆત માટે ખટ્ટર પાસે આવવા આગળ વધ્યા એવું તુરંત પોલીસે એમને કોર્ડન કરી ખટ્ટર પાસે જતા રોક્યા હતા. વિરોધની ભીતિને લઈ મનોહરલાલ ખટ્ટર ફટાફટ ખાતમુહૂર્ત આટોપી ત્યાંથી નીકળી ગયા હતા.કેવડિયા પોલીસ દ્વારા વિરોધ કરતા ૫૦ થી ૧૦૦ જેટલા ગ્રામજનોને ડિટેન કર્યા હતા.જેથી ખાતમુહૂર્તનો અને ગ્રામજનોને ડિટેન કર્યા એના વિરોધમાં ગ્રામજનોનું અન્ય એક ટોળું રેવા ભવન પાસે રોડ પર ઉતરી આવ્યું હતું, અને રસ્તારોકો-વાહનરોકો આંદોલન ચાલુ કર્યું હતું.એવામાં જ સામેથી ગ્રામજનોએ પથ્થરમારો ચાલુ કર્યો હતો.ગ્રામજનોના આ પથ્થરમારામાં રાજપીપળાના પીએસઆઈ હિંમત ભરવાડ અને એક પો.કો ને ગંભીર ઈજાઓ પણ થઈ હતી.



પોલીસ પર ગ્રામજનોનો પથ્થરમારોઃ પથ્થરમારામાં રાજપીપળા પીએસઆઈ હિંમત ભરવાડ ઘાયલ

નર્મદા માંથી દુર્લભ પ્રજાતિનો સાપ મળી આવતા જંગલમાં છોડી મુકાયો



રાજપીપળા : ગુજરાતનાં ડાંગ જિલ્લામાં વાંસના જંગલોમાં જોવા મળતો ખડચીતડ સાપ નર્મદા જિલ્લાના સાગબારા તાલુકામાં જોવા મળ્યો જેને નર્મદા જિલ્લાની વાઈલ્ડ સેવીયર ટીમનાં માઈકલ વસાવા અનિલ વસાવા મેહુલ વસાવા હરેશ વસાવાને રસ્તામાં જોવા મળતા તેને સલામત રીતે પકડી નજીકના જંગલમાં છોડી મુકવામાં આવ્યો હતો ત્યારે આ સાપ ખડચીતડના નામથી જાણીતો અને અંગ્રેજીમાં ઇન્ડિયન ગ્રીન પીટ વાઈપર ના નામથી ઓળખાય છે અને દુર્લભ પ્રજાતિનો સાપ ગણાતો હોવાનું ટીમના સભ્યોએ જણાવ્યું હતું.



કેવડિયા વિરોધમાં થયેલા પથ્થરમારામાં ઈજા પામેલા રાજપીપળા પીએસઆઈ હિમ્મત ભરવાડ

તાતીથૈયા ગામમાં ઝાડીઓમાં છપાવેલા દારૂનો જથ્થો પકડાયો

દારૂનો ધંધો કરનાર ચાર બુટલેગરો વોન્ટેડ

સુરત

તાતીથૈયા ગામ પાસે આવેલી એક ઝાડી-ઝાંખરામાંથી પોલીસે વગર પાસ પરમીટની ૧૬૩૨ નંગ વિદેશી દારૂની બોટલ કબજે કરી દારૂનો જથ્થો અને મોટર સાઈકલ મળી કુલ્લે ૨.૦૩ લાખનો મુદ્દામાલ ઝડપી પાડી ૪ બુટલેગરોને પોલીસ વોન્ટેડ જાહેર કર્યા હતા.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મૂળ ભીલવાડા-રાજસ્થાનના વતની અને હાલમાં પલસાણા તાલુકાના તાતીથૈયા ગામ ખાતે રહેતા શંકરસિંગ રાજપૂત કડોદરાના અખિલેશકુમાર શુકલા, હલધરૂ ભાવેશ મેવાડા તથા કામરેજના આશિષ મિશ્રા વિગેરેઓ બજાજ પલ્સર મોટર સાઈકલ પર પુઠાના ૪૩ બોક્ષમાં ૧૬૩૨ નંગ વિદેશી દારૂની બોટલો મૂકીને તાતીથૈયા ગામ પ્રથમ પાર્ક સોસાયટીની પાછળ આવેલી ઝાડી-ઝાંખરા પાસેથી પસાર થતા હતા. ત્યારે કડોદરા જીઆઈડીસી પોલીસ મથકના પોલીસ જવાન દીપકભાઈએ રોકી તપાસ શરૂ કરી હતી. આ દરમિયાન પોલીસને ચકમો આપીને ચાર બુટલેગરો સીફતપૂર્વક ફરાર થઈ ગયા હતા. પોલીસે દારૂનો જથ્થો અને મોટર સાઈકલ મળી કુલ્લે ૨.૦૩ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસ ચાર બુટલેગરોને વોન્ટેડ જાહેર કર્યા હતા.

પ્રોહી.ના ગુનામાં નાસતા ફરતા આરોપીને ઝડપી પાડતી પેરોલ ફર્લો સ્કોડ ભરૂચ

ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી રાજેન્દ્રસિંહ ચુડાસમા સા.નાઓની સુયના તેમજ માર્ગદર્શન મુજબ ભરૂચ જીલ્લામાં બનેલ ગુનાઓમાં નાસતા ફરતા આરોપીઓ શોધી કાઢવા જણાવેલ જેથી પો.સ.ઈ. એ.એસ.પૌહાણ તથા સ્ટાફ સાથે આવા ગુનેગારો શોધી કાઢવા અંકલેશ્વર વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા દરમ્યાન મળેલ બાતમી આધારે અંકલેશ્વર શહેર પો.સ્ટે. ૧ ૩૧૧/૨૦૧૮ પ્રોહી ક. ૬૫ એ ઇ, ૯૮ (૨) ૮૧, ૮૩ મુજબના ગુનાના કામનો નાસતો ફરતો આરોપી મનિષ ઉર્ફે મનોજ દયારભાઈ વસાવા ઉ.વ. ૩૫, રહે. કિષ્ણાનગર, સજોઇ, તા. અંકલેશ્વર, જી.ભરૂચનાને સજોઇ ખાતેથી આજ રોજ તા. ૧૮/૧/૨૦૧૯ ના કલાક-૧૭:૩૦ વાગે કલમ- ૪૧ (એ મૂજબ કાયદેસર કાર્યવાહી કરી આગળની વુ તપાસ અર્થે આરોપીને અંકલેશ્વર શહેર પો.સ્ટે.માં સોંપવામાં આવેલ છે.

CONNECTINDIANS MARKET4U

ખુશખબર... ખુશખબર... ખુશખબર...

CONNECTINDIANS એટલે કે ભારતીયોને જોડવા

MARKET4U દ્વારા પ્રસ્તુત CONNECTINDIANS ની લગ્ન, નોકરી અને જાહેરાતની વેબસાઈટ વાપરો

અને મહેનત મુજબ પાર્ટ ટાઇમ- ફુલ ટાઇમ કામ કરી અન્યોને CONNECTINDIANS સાથે જોડી કમાવાની અમૂલ્ય તક આપો

CONNECT INDIANSમાં જોડાવું સરળ છે.

Http://www.connectindians.in

આ MARKET4U ની વેબસાઈટ છે જ્યાં

૧. આપ નોકરી શોધી શકો છો.
૨. તમને ઈચ્છુક નોકરી કરાવી શકો છો.
૩. આપ આપની જાહેરાત કરી શકો છો.
૪. અન્યને આપની માટે જોડી આપની

(PLAN - A)

(PLAN - B)

માત્ર ૫૫૦/-માં PLAN - A	
LEVEL	INCOME
1st	80/-
2nd	60/-
3rd	50/-
4th	40/-
5th	30/-

માત્ર ૩૦૦૦/-માં PLAN - B	
LEVEL	INCOME
1st	600/-
2nd	400/-
3rd	300/-
4th	200/-
5th	100/-
6th	50/-

સમગ્ર ગુજરાતમાં ખુબ જ ઓછા મૂડી રોકાણે વહેલા તે પહેલાનાં ધોરણે માત્ર ૧૦૦ જ એજન્ટ નીમવાના હોય

તાત્કાલિક સંપર્ક કરો ધનંજય ઝવેરી 7575006847-48 | શરદ જાદવ 7575006849 | રવિ પટેલ 7574888860 | અશેષ મોદી 7016046096

13, Pritam Nagar Society No.1, Kasak, Bharuch. Mo. +91 75750 06850

connectindians1@gmail.com

મહેસાણા ડીસ્ટ્રીક્ટ બેંક સ્કૂલ ઓફ નર્સિંગ

Approved By Govt. Gujarat INC/GNC & H.N.G.U.

લાયન્સ જનરલ હોસ્પિટલ જેલ રોડ, મહેસાણા-૨.

પ્રવેશ ચાલુ છે

ક્રમ	કોર્સનું નામ	પ્રવેશ લાયકાત
૧	બેચલર ઓફ સાયન્સ ઈન નર્સિંગ (બી.એસ.સી.નર્સિંગ)	ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ (બાયોલોજી સાથે)
૨	જનરલ નર્સિંગ એન્ડ મીડવાઈફરી (જી.એન.એમ.)	ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ (અંગ્રેજી સાથે)
૩	ઓક્સીલેરી નર્સ એન્ડ મીડવાઈફરી (એ.એન.એમ.)	ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ

-: સંસ્થામાં પ્રવેશ લેવાના ફાયદા :-

- જે વિદ્યાર્થીઓને એડમીશન લીધે ઓબ્ઝર્વર ગણેલ ના હોય તે વિદ્યાર્થીઓને પણ પ્રવેશ આપવો. વય મર્યાદા-૩૫ વર્ષ
- એસ.સી/એસ.ટી. અને ઓફીશ્યલ વિદ્યાર્થીઓને સરકારશ્રીના નિયમોનુસાર ફ્રીમાં/ઓછા ખર્ચમાં ભણવાની સારી તક
- બહેન વિદ્યાર્થીઓ લોંગ ડીસ્ટન્સ દૂરથી, અનુકૂળ તેમજ હાજર રહેવું
- એક જ દિવસમાં ૩૦ વર્ષથી ઓછી ઉંમર ગુજરાતની એકલવાર ૩૦૦ પ્રથમ ધોરણની દુકાનો ફીઝિયોથેરાપિસ્ટ, નર્સિંગ કોલેજ અને નર્સિંગ હોસ્પિટલો તથા ક્લીનીક
- સરકારશ્રીના નિયમોનુસાર અનુભવી વિદ્વાનો અલગ-અલગ વિષયો ૩૫ અને સુરક્ષા લાયબ્રેરીની સુવિધા
- હોસ્ટેલની સુવિધા, ગુણવંત તેમજ તાલિક જગ્યાની સુવિધા તેમજ રા-ગરાજ સીકયુરીટીની સુવિધા
- જુન હોસ્ટલે ખાલી હોઈ પોતાના બાળક પ્રવેશવંચ કરવો ભાવી મહેલ તે પહેલાના ધોરણે પ્રવેશ મેળવી લેવો.

સંપર્ક નંબર :-9106386311, 7016282970, 9925072904, 9825798802







બોદ્ધ ધર્મ દીક્ષા અંગીકાર સમિતિ સુરતના ઉપક્રમે આજે ગોડાદરા ખાતેના મંગલ પાંડે કોમ્યુનિટી હોલમાં આયોજિત બૌદ્ધ ધર્મ દીક્ષા અંગીકાર પ્રમાણપત્રોનું વિતરણ કરાયું હતું. વિવિધ મહાનુભાવોના હસ્તે ૮૧ પરિવારના ૪૩૨ સભ્યોને બૌદ્ધ ધર્મના પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા.

પુણામાં ગેસ સિલિન્ડરમાં વિસ્ફોટમાં કુટુંબના ચાર લોકો ગંભીર રીતે ઘવાયા

ગંભીર હાલતમાં ચાર લોકો હોસ્પિટલમાં સારવાર હેઠળ

સુરત

પુણા ગામના નારાયણનગરમાં જોરદાર ધડાકા સાથે ગેસ બોટલ બ્લાસ્ટ થતા લોકો ઘર બહાર દોડી આવ્યા હતા. વહેલી સવારે બનેલી આ દુર્ઘટનામાં ૧ કિશોર, ૨ મહિલા સહિત ૪ જણા ગંભીર રીતે દાઝી ગયા હતા. જોકે ઘટનાની જાણ બાદ ૧૦૮ અને ફાયરનો કાફલો દોડી આવતા આગને કાબુમાં લેવામાં ફાયરના જવાનો સફળ રહ્યા હતા. ત્યારબાદ પુણા અને લીંબાયતની ૧૦૮માં ચારેયને તાત્કાલિક સારવાર માટે સિવિલ અને સ્મીમેર હોસ્પિટલ ખસેડાયા હતા. જ્યાં ચારેય ગંભીર હોવાનું જાણવા મળ્યું છે.

નિલેશ સુકલા એ જણાવ્યું હતું કે, તેઓ મહારાષ્ટ્રના વતની છે અને સુરતમાં મજૂરી કામ કરી ગુજરાન ચલાવી રહ્યા છે. થોડા દિવસો પહેલા બહેન સુજાતા અને તેનો દીકરો હીનેશ ફરવા માટે સુરત આવ્યા હતા. જેઓ પણ આ દુર્ઘટનામાં દાઝી ગયા છે. આજે સવારે તેઓ ગેસ ઉપર પાણી ગરમ કરી રહ્યા હતા. ત્યારે અચાનક જોરદાર બ્લાસ્ટ થતા આખું ઘર આગની ઝપેટમાં આવી ગયું હતું. તેઓ પોતે પત્ની આશા બહેન સુજાતા અને તેનો દીકરો હીનેશ (ઉ.વ.૧૩) ગંભીર રીતે દાઝી ગયા હતા. બ્લાસ્ટના જોરદાર ધડાકા બાદ આખી સોસાયટી દોડી આવી હતી.

ફાયર વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ પુણાગામ કાલીપુલ નજીક લક્ષ્મીનારાયણ નગરમાં પ્લોટ નં. ૪૨માં ગેસનો બાટલો લીકેજ થવાથી લાગેલી આગમાં ૪ સભ્યો ગંભીર રીતે દાઝી ગયા હતા. આશા લીલાધર ઉ.વ. ૪૦ આખા શરીરે ૯૦ ટકા દાઝી ગયા છે. હિમેશ સંતોષ ઉ.વ. ૧૩ શરીરે ૪૦ ટકા વજેટલો દાઝી ગયો છે. નીલેશ શુકલા ઉ.વ. ૫૦ આખા શરીરે ૧૦૦ ટકા દાઝી ગયો છે. જ્યારે સુનીતા સંતોષ ઉ..વ. ૩૨ આખા શરીરે ૫૦ ટકા દાઝી ગયા છે. ચારેયની હાલત ગંભીર છે અને તેઓને હોસ્પિટલમાં સારવાર અપાઈ રહી છે.

સુરતમાં ૮૧ પરિવારના ૪૩૨ સભ્યોને બૌધ્ધ ધર્મ દીક્ષા અંગીકાર પ્રમાણપત્રોનું વિતરણ

ગોડાદરા સ્થિત મંગળ પાંડે કોમ્યુનિટી હોલમાં આઈઆરએસ સુબચ્ચન રામ અને માજી કલેક્ટર આર. જે. પટેલની ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો

સુરત

આજે શહેરના ગોડાદરા વિસ્તારમાં આવેલ મંગલ પાંડે હોલ ખાતે ૮૧ પરિવારના ૪૩૨ સભ્યોને બૌધ્ધ ધર્મ અંગીકારની દીક્ષા આપવાની સાથે પ્રમાણપત્ર વિતરણ કરવામાં આવ્યા હતા.

સુરત શહેરના ઈતિહાસમાં પ્રથમ વખત ૮૧ પરિવારના ૪૩૨ હિન્દુ સભ્યો દ્વારા પાંચ વર્ષ અગાઉ બૌધ્ધ ધર્મ અંગીકાર કરવાની અરજી કરવામાં આવી હતી. ધર્મ પરિવર્તન શા માટે કરી રહ્યા છે ધર્મ પીરવર્તન માટે કોઈએ લોભ, લાલચ કે દબાણ કર્યુ છે કે નહીં તેની તપાસ માટે જે તે સમયે પરમીશન આપવામાં આવી ન હતી. ત્રણ મહિના અગાઉ સુરત કલેક્ટર દ્વારા યોગ્ય તપાસ કરીને કોઈના દબાણમાં કે લોભમાં ધર્મપરિવતનની નથી કરતા ને તેની ચકાસણી બાદ મંજૂરી આપવામાં આવી હતી. આજે ગોડાદરા ખાતે આવેલ મંગલ પાંડે હોલમાં બૌધ્ધ ધર્મ દીક્ષા અંગીકાર સમિતિ દ્વારા આયોજિત કાર્યક્રમમાં ૮૧ પરિવારોના ૪૩૨ સભ્યોને સત્તાવાર રીતે બૌધ્ધ ભીક્ષુકો અને આઈઆરએસ આઈએએસ અધિકારીઓની ઉપસ્થિતિમાં બૌધ્ધ ધર્મ અંગીકાર કર્યો હતો. આઈઆરએસ સુબચ્ચનરામ (ચીફ કમિશનર ઈન્કમટેક્ષ) અને પૂર્વ આઈએએસ આર.જે. પટેલના હાથે બૌધ્ધ ધર્મ અંગીકાર કરનારા પરિવારોને સરકારના પ્રમાણપત્રો આપી સત્તાવાર રીતે બૌધ્ધ ધર્મ અંગીકાર કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં આઈએએસ ડો. ધવલ પટેલ જિલ્લા સુરત સમારોહના ઉદઘાટક હતા પરંતુ યોગાનુયોગ આજે પ્રધાનમંત્રી હજીરાની એલ એન્ડ ટી કંપનીમાં આવ્યા હોવાથી પ્રોટોકોલ મુજબ જિલ્લા કલેક્ટર બૌધ્ધ ધર્મ અંગીકાર કાર્યક્રમમાં અનુપસ્થિતિ રહ્યા હતા.

આંગડીયા પેઢીની ૨૫ લાખ ભરેલી બેગ ચોરી થવાના કેસમાં ફરિયાદીની પૂછપરછ

પોલીસે આસપાસના સીસી ટીવી કેમેરાના ફૂટેજ મળ્યાં

સુરત

આંગડીયા પેઢીના કલેકશનના નાણા ભરેલી રૂા. ૨૫,૬૪,૪૫૦ની બેગ ચોરાયાની ફરિયાદ મહિધરપુરા પોલીસ મથકે નોંધાઈ હતી.

મહિધરપુરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ હરિપુરા અંબિકા આંગડિયા પેઢીમાં નોકરી કરતો કાલુરામ ઉર્ફે કૈલાશ મનારામ ઘાંચી (ઉ.વ. ૨૪) પોતાની એક્ટિવા ગાડી ઉપર પેઢીના અલગ-અલગ વિસ્તારમાંથી કલેકશનના રોકડા રૂપિયા ૨૫,૬૪,૪૫૦ લઈને આંગડિયા ઓફિસ તરફ જતો હતો ત્યારે હીરપુરા ખાતે આવેલ શ્રી સિધ્ધેશ્વર પાનવાલા એન્ડ નાસ્તા સેન્ટર પરસે ગાડી પાર્ક કરી વેફર લેવા ગયો હતો અને આ એક મિનિટના સમયમાં કોઈ અજાણ્યો વ્યકિત રોકડા રૂપિયા ભરેલી બેગની ઉઠાંતરી કરી ગયા હતા. મહિધરપુરા પોલીસે ફરિયાદ નોંધી પો.ઈ. પી.એ. આર્યએ ફરિયાદીની સઘન પૂછપરછ હાથ ધરી ઘટનાનો તાગ મેળવવાનો પ્રયાસ કર્યો હતો.

કામરેજમાં મોબાઈલ કંપનીનો ટાવર સળગાવી દેવાતા ફરિયાદ

અજાણ્યા લોકોએ ઈન્ડસ કંપનીનો ટાવર ફૂંકી માર્યો

સુરત

કામરેજ ધોરણ પારડી પાસે આવેલ ઈન્ડસ કંપનીના ટાવર કોઈ અજાણ્યા ઈસમોએ સળગાવી દઈ રૂા. ૭.૭૧ લાખનું નુકસાન કરી ફરારથઈ ગયા હોવાનો પોલીસ મથકે નોંધાયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મૂળ રાજસ્થાન જોધપુર જિલ્લાના વતની અને હાલમાં પાલ-લેકગાર્ડન એકલવ્ય રો હાઉસ ખાતે હનુમાન સિંહ ગણપતિસિંહ ભાટી રહે છે. તેઓ કામરેજ ધોરણ પારડી ગામ પાસે ઈન્ડક્ષ કંપનીમાં નોકરી કરે છે. આજથી પાંચ સાત દિવસ પહેલાં ઈન્ડસ કંપનીના સાત ટાવરો સળાગી નાખ્યા હોવાનું જાણવા મળતા હનુમાનસિંહ ભાટી અને કંપનીના અધિકારીઓએ જાત તપાસ કરતા આ ટાવરો કોઈ અજાણ્યા ઈસમે સળગાવી નાંખી રૂા. ૭.૭૧ લાખનું નુકસાન કરી ફરાર થઈ ગયા હતા. કંપનીના કર્મચારીએ કડોદરા જીઆઈડીસી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આઈપીસી-૪૨૭ તથા ૪૩૬ મુજબનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. પોલીસે ગુનાવાળી જગ્યાનું પંચનામું કરી આસપાસમાં રહેતા લોકોના નિવેદનો પણ નોંધ્યા હતા.

અલ્પેશ કથીરિયાની રીવીઝન હાઈકોર્ટમાં સોમવાર સુધી દાખલ થશે

સુરત કોર્ટે શરતભંગ અંગે જામીન રદ કરતા કોર્ટના હુકમને હાઈકોર્ટમાં પડકારાશે

સુરત

અમરોલી પોલીસ મથકમાં રાજદ્રોહની ફરિયાદ દાખલ કરાયા બાદ જામીન મુક્ત થયેલા અલ્પેશ કથીરિયાના જામીન રદ કરવા માટે ડીસીબી દ્વારા એક પરચૂરણ અરજી કરવામાં આવી હતી. જેની સામે ડીજીપી નયન સુખડવાળાની દલીલોને ગ્રાહ્ય રાખી અદાલતે અલ્પેશના જામીન ફગાવી દીધા હતા. આ હુકમની સામે હાઈકોર્ટના એડવોકેટ રફીક લોખંડવાળા એક રીવીઝન હાઈકોર્ટમાં સોમવાર સાંજ સુધીમાં દાખલ કરવાના ચક્રોગતિમાન કર્યા છે. એવુ બચાવ પક્ષના એડવોકેટ યશવંતસિંહ વાળાએ જણાવ્યું હતું.

આ કેસની વિગતો એવી છે કે, મોટા વરાછા કિષ્ણા રેસીડેન્સી ખાતે રહેતાં વિપુલ દેસાઈને ત્યાં પહોંચીને પોલીસ વિરૂદ્ધ બેફામ નિવેદનો કરવા બદલ આરોપી અલ્પેશ કથીરિયા સામે રાજદ્રોહનો ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. ડીસીબીએ તેની ધરપકડ કરી લાજપોર જેલમાં મોકલી આપ્યો હતો. ત્યારબાદ તેને જામીન પર છોડવાનો હુકમ અદાલત દ્વારા કરવામાં આવ્યો હતો. જામીન મુક્ત થયા બાદ તેણે સરથાણા વરાછા વિસ્તારમાં કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ ભંગ થાય તેવું કૃત્ય કરતા ડીસીબી દ્વારા જામીન અરજી રદ કરવાની એક પરચૂરણ અરજી કરી હતી. જે મંજુર થતા આ હુકમને પડકારવા તેમના એડવોકેટ રફીક લોખંડવાલા સોમવાર સાંજ સુધીમાં હાઈકોર્ટમાં એક રીવીઝન અરજી કરશે.

હાર્દિક પ્રીમિયર લીગ ક્રિકેટ મેચમાં ક્રિષ્ણા અને ભોલે ટીમ વચ્ચે ટક્કર

પ્રીમિયર લીગમાં આખરે ક્રિષ્ણા ઈલેવન ચેમ્પિયન બની

સુરત

ઉત્સાહી, સાહસવીર સેવાભાવનાને વરેલા સ્વ. હાર્દિકના સ્મરણાર્થે તા.૧૪-૧-૧૯ના રોજ ઝવેરી મહોલ્લો, ભાંડુત, તા.ઓલપાડ જિ. સુરત ખાતે હાર્દિક પ્રીમિયર લીગ સ્પર્ધાનું ભવ્ય આયોજન થયું હતું. ભોલે ટીમના કેપ્ટન જગદીશ પટેલ અને ક્રિષ્ણા ટીમના કનૈયાભાઈની ટીમ સાથે જોરદાર ટક્કર લેતા કનૈયાભાઈની ટીમ વિજેતા થઈ હતી. બીજો રાઉન્ડ આશાપુરી ઈલેવન જયંતીભાઈ પટેલ અને બ્રહ્માણી ઈલેવન પંકજભાઈ પટેલ વચ્ચે રમાઈ જેમાં બ્રહ્માણી ઈલેવન જીતી હતી. બાદ ફાઈનલ મેચ પંકજભાઈ અને કનૈયાભાઈની ટીમ વચ્ચે રમાતા ક્રિષ્ના ઈલેવન કનૈયાભાઈની ટીમ ચેમ્પિયન બની હતી.

સહુ ખેલાડીઓને નગીનભાઈ પટેલ તરફથી ટ્રોફી એનાયત થઈ હતી. ભાગ લેનારને ટી શર્ટ, નાસ્તો, ખીચડી અપાઈ હતી. સ્વ. હાર્દિકની પાવન યાદમાં આ લીગ ખૂબ જ રંગે ચંગે રમાઈ હતી. ટ્રોફીના સ્પોન્સર નકુભાઈ સુરતી હતા. મહાનુભાવોએ યુવાનોના ઉત્સાહને અભિનંદી ખેલદીલીની ભાવનાને બિરદાવી હતી.

એકાએક ઠંડી ગાયબ : નવસારીમાં ૯ અને સુરતમાં ૫ ડિગ્રી તાપમાન વધ્યુ

સુરત

સમગ્ર દક્ષિણ ગુજરાતમાં ગત ચોવીસ કલાક દરમિયાન તાપમાનમાં અચાનક અસાધારણ વધારો નોંધાયો છે. ગત રોજની સરખામણીએ આજે ઠંડીના બદલે ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. આગામી બે દિવસ બાદ ફરી ઠંડીનો અનુભવ ગથાય તેવી શક્યતા છે.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું અધિકત્તમ તાપમાન ૩૪.૨ ડિગ્રી અને ન્યુનત્તમ તાપમાન ૧૯.૨ ડિગ્રી નોંધાયું છે. ગતરોજની સરખામણીએ આજે ન્યુનત્તમ તાપમાનમાં ૫ ડિગ્રીનો વધારો નોંધાયો છે.

નવસારી હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું અધિકત્તમ તાપમાન ૩૩.૭ ડિગ્રી અને ન્યુનત્તમ તાપમાન ૧૭ ડિગ્રી નોંધાયું છે. ગતરોજની સરખામણીએ આજે ન્યુનત્તમ તાપમાનમાં સડસડાટ ૯ ડિગ્રીનો વધારો નોંધાયો છે. તાપમાનમાં વધારો થતા નવસારીમાં લોકોને ઠંડા વસ્ત્રોથી હંગામી છુટકારો મળ્યો છે. દિવસ દરમિયાન ગરમીનો અનુભવ થઈ રહ્યો છે.

વલસાડ હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે વલસાડમાં ન્યુનત્તમ તાપમાન ૧૨ ડિગ્રી નોંધાયું છે. આજે અને કાલે દક્ષિણ ગુજરાતમાં તાપમાન વધશે અને ત્યારબાદ ફરી એક વખત ઠંડીનો ચમકારો થાય તેવી શક્યતા હવામાન વિભાગ દ્વારા વ્યકત કરવામાં આવી રહી છે.

અઠવાલાઈન્સમાં કારનો દરવાજો ખોલી લેપટોપ, મોબાઈલની ચોરી

ડુપ્લીકેટ ચાવીથી મોટર કારનો દરવાજો ખોલાયો

સુરત

અઠવાગેટ માઈસ્ટોન બિલ્ડિંગ ગેટની સામે પાર્ક કરેલી એક કારનો કાચ ખોલી ૪૫ હજાર રૂા.નું લેપટોપ, એપલ કંપનીનો ૧૦ હજારનો મોબાઈલ ફોન તથા રૂા. ૩ હજારની કિંમતનું બેટરી ચાર્જરની ચોરી કરી તસ્કરો ફરાર થઈ ગયા હોવાનો બનાવ ઉમરા પોલીસ મથકમાં નોંધાયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મૂળ મહારાષ્ટ્ર પાલધરના વતની અને હાલમાં વેસુ સ્વપ્નસિંગની એપાર્ટમેન્ટમાં રહેતા દીપક જગન્નાથ ભાઈએ ગત તા. ૧૭મીના રોજ પોતાની કાર અઠવાગેટ માઈસ્ટોન બિલ્ડિંગની સામેના ગેટ પર પાર્ક કરી હતી ત્યારે અજાણ્યા ઈસમે કારનો કાચ તથા દરવાજો ડુપ્લીકેટ ચાવીથી ખોલી લેપટોપ, બેટરી ચાર્જર, એપલ કંપનીનો ફોન મળી કુલ્લે ૫૮ હજારની મતાની ચોરી કરી ફરાર થઈ ગયો હતો. ઉમરા પોલીસ મથકમાં ફરિયાદ દાખલ કરવામાં આવતા પોલીસ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.











હજીરા એલ એન્ડ ટીમાં નિર્મિત યુધ્ધ ટેન્ક સૈન્યને સમર્પિત કરતા વડાપ્રધાન

હજીરા સ્થિત કંપની વર્કશોપમાં નવનિર્મિત યુધ્ધ ટેન્કનું વડાપ્રધાન મોદી, રક્ષામંત્રી નિર્મલા સીતારમણ સહિતના મહાનુભવોએ નિરીક્ષણ કર્યું

સુરત

ભારતીય સેનાની તાકાતમાં વધારો કરવા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે મેક ઈન્ડિયાના કોન્સેપ્ટથી બનેલી કે-૯ વજ ટેન્કને દેશની આર્મીને સમર્પિત કરી છે. સુરક્ષા અને સ્વાસ્થ્ય ક્ષેત્રે દક્ષિણ ગુજરાતનું પ્રદાન વધુ મજબુત કરવા માટે હજીરા સ્થિત એલ એન્ડ ટી કંપનીમાં બનેલી યુધ્ધ ટેન્કનું આર્મીને સમર્પિત તથા દાદરા નગર હવેલી ખાતે ગવર્નમેન્ટ મેડિકલ કોલેજનું ખાતમુહૂર્ત વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કર્યું હતું.

આજે બારેક વાગ્યાની સુમારે વડા પ્રધાન નરેન્દ્ર મોદી, રક્ષામંત્રી નિર્મલા સીતારમણ, રિપબ્લિક કોરિયાના ડિફેન્સ મિનિસ્ટર વાનઝોંગ હોંગ, એલ એન્ડ ટીના ચેરમેન અનિલ નાયક



હજીરા સ્થિત એલ એન્ડ ટી ફેક્ટરી પહોંચ્યા હતા. જ્યારે એલ એન્ડ ટી દ્વારા તૈયાર કરાયેલી વજ ટેન્ક અને વર્કશોપનું વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ નિરીક્ષણ કર્યું હતું. સ્વદેશી આ ટેન્કમાં વડા પ્રધાન મોદીએ બેસીને આ ટેન્કની દેશની આર્મીને સુપરત કરી હતી. દસ મિનિટના રોકાણ બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિતનો કાફલો દાદરા નગર હવેલી તરફ રવાના થયો હતો.

આ ટેન્કને સેલ્ફ પ્રોપેલ્ડ હોવિટઝર ગન પણ કહેવાય છે. બોફોર્સ ટેન્કને પણ ટક્કર મારે તેવી આ ટેન્ક છે . આ ટેન્ક ૪૦ કિમીથી લઈને ૫૨ કિમી સુધીની મારક ક્ષમતા ધરાવે છે. કે-૯ ૧૫ સેકન્ડની અંદર ૩ સેલ છોડી શકે છે. કંપની આવી ૧૦૦ ટેન્ક બનાવવાની છે. જેમાં ૯૦ સુરતમાં અને ૧૦ પુણેમાં તૈયાર થશે.

વજની સાથે ૩ લોકોની એક ક્રુ હશે. જેમાં કોમ્પ્યૂટર સ્ક્રીન પર બતાવાશે કે કયાં, કેવી રીતે અને ક્યારે ફાયર કરવાનું છે. વજ કે-૯ને લઇ ૪૩૬૬ કરોડ રૂપિયાનો કોન્ટ્રાક્ટ ભારતની ૧૮ રેજિમેન્ટ્સથી લઇ તેને ૫૦ વર્ષ જુની ૧૦૫ એમએમ એબોટને રિપ્લેસ કરવા માટે છે.



નર્મદા જિલ્લા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષકોના પ્રશ્નોના ઉકેલ બાબતે જિલ્લા કલેક્ટર સહીત ઉચ્ચ કક્ષાએ આવેદન પત્ર આપી રજુઆત કરવામાં આવી ત્યારની તસવીર.

નર્મદા જિલ્લા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ દ્વારા પ્રશ્નોના ઉકેલ બાબતે આવેદન સાથે ચીમકી

રાજપીપળા : નર્મદા જિલ્લા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષકોના પ્રશ્નોના ઉકેલ બાબતે જિલ્લા કલેક્ટર સહીત ઉચ્ચ કક્ષાએ આવેદન પત્ર આપી રજુઆત કરવામાં આવી.

રજુઆતમાં માધ્યમિક શિક્ષક સંઘના પ્રમુખ દિગ્વિજયસિંહ રાઠોડ અને ઉચ્ચતર મા.શિક્ષક સંઘના પ્રમુખ મહેન્દ્રસિંહ સિંધા સહીત સંઘના અન્ય શિક્ષકો દ્વારા આવેદન આપવામાં આવ્યું જેમાં રજુઆત કરી હતી કે રાજ્યની સાત હજાર કરતાં વધુ ગ્રાન્ટેડ શાળાઓના માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સહાયક /શિક્ષકોના ચાર કોમન પ્રશ્નો અંગે ગુજરાત રાજ્ય મા?યિક શિક્ષક સંઘ મહામંડળ અને ગુજરાત રાજ્ય ઉચ્ચતર માધ્યમિક સંઘ મહામંડળ દ્વારા વાંવાર રજૂઆત કરવા છતાં તેનો ઉકેલ આવી શકયો નથી, `થી શિષકોમાં અસંતોષ હોય આ પ્રશ્નોનો ઉકેલ નહી આવતા શનિવારના રોજ શાળા સમય પછી તમામ જિલ્લા કલેકટર અને તમામ જિલ્લા શિક્ષણાધિકારી તથા સ્થાનિક લોકસભાના સાંસદ, ધારાસભ્ય અને શાસક પક્ષના અને વિરોધ પક્ષના પદાધિકારીઓને આવેદનપત્ર આપી તેમની માંગણી અને પ્રશ્નો ઉકેલવા બાબતે રજૂઆત કરી હતી સાથે એવી ચીમકી પણ ઉચ્ચારી હતી કે અમારા અગત્યના પ્રશ્નોનો ઉકેલ નહી આવે તો તબક્કાવાર આંદોલનનો કાર્યક્રમ ઘડી અમે ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરીશું.

શિક્ષકોની માંગણીઓ

૧.સરકારી સ્કૂલ અને ગ્રાન્ટેડ સ્કૂલના શિક્ષકોનો પગારમાં લઘભગ ૧૨ હજારનો તફાવત છે એ તફાવત સમાન કરવા માંગ
૨. સરકારે ૨૦૦૬ ના વર્ષથી શિક્ષણ સહાયકોને સળંગ નોકરી આપવા બાંહેધરી આપેલી પરંતુ ૧૯૯૯ ના વર્ષથી લાગેલા સહાયકોને પણ સળંગ કરવા માંગ
૩. નિવૃત્તિ સમયે શિક્ષકોને ૧૫૦ રજાના બદલે ૩૦૦ રજાનું રોકડમાં રૂપાંતર આપવા માંગ
૪. સરકારે ૨૦૧૬ સુધીના શિક્ષકોને ફાજલનું રક્ષણ આપ્યું છે ત્યાર પછીના વર્ષના શિક્ષકોને પણ આ રક્ષણ આપવા માંગ
હવે શિક્ષકોની આ માંગ સરકાર ક્યારે સ્વીકારશે અને શિક્ષકોના પ્રશ્નોનો સુખદ અંત આવશે કે ગાંધી ચીંધ્યો માર્ગ અપનાવવા શિક્ષકો મજબુર થશે એ જોવું રહ્યું .











